

# અધ્યાત્મ

વર્ષ – ૭ ઓક્ટોબર – ૧૯૮૫ અંક – ૧

## આપે આપનું લવાજમ મોકલ્યું ?

'અધ્યાત્મ' માસિકનાં છ વર્ષ પૂરાં થયાં છે. સાતમું વર્ષ શરૂ થયું છે. ગ્રાહકોને વિનંતી છે કે જેઓનું લવાજમ સપ્ટે-'૮૫માં પૂરૂં થયું છે, તેઓએ પોતાનું લવાજમ તાત્કાલિક તંત્રીને M.O. થી મોકલાવી આપવા વિનંતી છે. સરનામુઃ-નારાયણ હ. જાની, તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદાર નગર, ભાવનગર-૧ પીનકોડ ૩૬૪ ૦૦૧.

પરદેશના ગ્રાહકોને પણ તેઓનું લવાજમ વેળાસર મોકલાવવા વિનંતી છે.


## જાહેરખબરના દર

અધ્યાત્મ માસિકમાં જાહેરખબરના દર નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ટાઈટલ બે અને ત્રણ | આખું પાનું | રૂા. ૨૫૦ |
| | અડધું ,, | રૂા. ૧૨૫ |
| અંદરનું | આખું ,, | રૂા. ૨૦૦ |
| ,, | અડધું ,, | રૂા. ૧૦૦ |
| ટાઈટલ ચાર | આખું ,, | રૂા. ૩૦૦ |




પ. પૂ. માતાજી જ્યોતિર્મયી તથા પ. પૂ. શ્રી યોગેશ્વરજી

### * પૂ. માતાજીને *

તમે મંગલ મંદિર મારું.
તમે તીર્થ સનાતન ન્યારું.
તમે મંગલ મંદિર મારું.

તમે પરમચંદ્રિકા પ્રત્યક્ષ ખરે.
અંધારે અજવાળું;
તમે દીપજ્યોતિ, પુષ્પોનું સુંદર
ઉપવન શાશ્વત પ્યારું. તમે મંગલ.

તમે ગંગા–યમુના–સરસ્વતીથી
અધિક સુખદ મમતાળુ,
મહિમામય વિશેષ. સાધનાતણી
સંસિદ્ધિ પદ ચારુ.

તમે શાંતિ સનાતન, પ્રેમ પુરાતન,
પ્રગટ પ્રભાત કૃપાનું;
જીવન ધરવાને, સ્વાર્પણ કરવા
રૂપ ધરેલું માનું.
રૂપ ધરેલું માનું. તમે મંગલ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૧ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.
અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અદ્ભુત મદદ | યોગેશ્વરજી | ૩ |
| પૂ.શ્રીનો માતૃપ્રેમ | યોગેશ્વરજી | ૫ |
| દુર્ગાસપ્તશતી | યોગેશ્વરજી | ૬ |
| પૂ. માતાજીને અંજલિ | યોગેશ્વરજી | ૭ |
| શ્રીગુરુકૃપાના અદ્ભુત અનુભવો | કુમુદચંદ્ર ત્રિવેદી | ૧૦ |
| "સુખ–દુઃખ" | ઇશ્વરભાઇ શાહ | ૧૭ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૨૨ |
| સાધનાનું મૂળ : સંયમ | ભૂપતરાય મો. ઠાકર | ૨૫ |
| જગન્નાથપુરીની યાત્રાની સાથેસાથે | ગોરધનભાઇ કલોલા | ૨૮ |
| કંઠ ગયો સુકાઇ | ઇશ્વરભાઇ ભક્ત | ૩૫ |
| ધંધા બંધુઓ | પ્રપન્નલાલ કાજી | ૩૬ |
| ઘર જવાના | રણજિત પટેલ | ૩૯ |
| ગાવું પેલે પારનું ગાણું ! | અશ્વિન પટેલ | ૪૦ |
| કૃપાનું કિરણ | યોગેશ્વરજી | ૪૧ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૨ |
| સાધક સમસ્યા | દારા જ. ભેસાણીઆ | ૫૦ |
| આત્મપરિક્ષણ | યોગેશ્વરજી | ૫૬ |
| પ્રેરણાની પરખ | નીલુ દવે | ૬૦ |
| દુર્ગાસપ્તશતીનો સંદેશ | યોગેશ્વરજી | ૬૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૭ ઓકટોબર-૧૯૮૫ અંક : ૧

## અદ્ભૂત મદદ

યોગેશ્વરજી

જોહાનિસબર્ગના અમારા નિવાસ દરમ્યાન એક દિવસ ડરબનથી બોલાવનારા સત્સંગ મંડળના સુપ્રસિદ્ધ કાર્યકર્તા શાંતિભાઇનો ટેલિફોન આવ્યો.

આમ તો ડરબનથી નીકળ્યા પછી ડરબનથી બહારનાં જુદાં જુદાં શહેરોમાં અમે જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં એમના કુશળ સમાચાર પૂછતા ટેલીફોન લગભગ રોજ આવ્યા કરતા, પરંતુ એ દિવસે જે ટેલિફોન આવ્યો, તેનો ધ્વનિ જુદોજ હતો. શાંતિભાઇના પોતાના જ શબ્દોમાં કહીએ તો "ગઇ કાલે એક મહાન ચમત્કાર બની ગયો, એ એક ચમત્કારજ કહેવાય."

"ચમત્કાર આજે પણ બને છે, આવા ધર્મવિમુખ કલિકાળમાં પણ."

'હા. એ ચમત્કારજ હતો.'

'કાલે સવારે હું કોઈક કામ માટે દુકાનની બહાર ગયેલો ત્યારે

દુકાનમાં એક અજાણ્યો યુવક આવ્યો, 'એણે દુકાન સંભાળનારા ભાઇને એક કવર આપીને જણાવ્યું કે આ રકમ યોગેશ્વરજીનાં પ્રવચનોની મદદ પેટે છે.

'વધારે કંઇક પૂછી શકાય તે પહેલાં તો તે યુવક વિદાય થયો.

દુકાનમાં પહોંચ્યા પછી મેં કવરને ઉઘાડીને જોયું તો તેમાં આઠસો રેન્ડની નોટો હતી. ભારતીય ચલણમાં તે રૂા. આઠ હજાર જેટલી થાય. મને એ જોઇને અજાયબી લાગી. એમાં બીજું કશું ન હતું. આટલી મોટી રકમ આપનારી એ અપરિચિત વ્યક્તિ કોણ છે અને રકમ કોના દ્વારા મોકલવામાં આવી છે એનો કશો નિર્દેશ એમાં ના મળ્યો.

'અમે શહેરમાં અમારાથી બનતી બધીજ તપાસ કરી તોપણ ચોક્કસ માહિતી ના મળી.

'એને ચમત્કાર માન્યા સિવાય છૂટકો ના થયો. ચમત્કારજ-મહાન ચમત્કાર.

એ પ્રસંગ અદ્દભૂત કહી શકાય એવો હતો. ઈશ્વરની કૃપાના પરિણામે મળતી મદદના એવા પાવન પ્રસંગો જીવનમાં અવારનવાર બનતા હોય છે; એ દૃષ્ટિથી જોઇએ તો સમસ્ત જીવન ચમત્કૃતિજનક લાગે છે.

એ મહામૂલી અદ્દભૂત મદદ કાર્યકર્તાઓને માટે ઉપયોગી થઇ પડી. એના મોકલનારાની માહિતી ના મળી તોપણ એની અસરકારકતા તો એવીજ અસાધારણ અને અમોઘ રહી.



# પૂ. શ્રીનો માતૃપ્રેમ

શ્રીયોગેશ્વરજી

મારા નાનાશા હૃદયમાં તેમના પ્રત્યે ખૂબ ખૂબ માન છે, તે એક જનની તરીકે નહિ પણ એક આદર્શ માતા તરીકે હું તેમને પૂજ્ય બુદ્ધિથી જોઉં છું. તથા તેમના પવિત્ર ચરણોની ધૂલિને માથે ચઢાવવામાં ગૌરવ માનું છું. તેમના ગુણો ખૂબ પ્રશંસનીય છે. જો કે જીવનભર તેણે દુઃખ જ વેઠયુ છે. ને નાની વયે વૈધવ્ય પ્રાપ્ત કરીને આજ લગભગ ૪૨-૪૩ ની વય સુધી સંકટ સહન કર્યું છે, પણ તેમનો પરમ પ્રેમ, તેમની નિઃસ્વાર્થતા ને દુઃખને ભુલી જવાની વૃત્તિ તેમ જ દયાળુતા જેમણે જોઇ હશે તે જ જાણશે. શું તને (નારાયણ ભાઇને) આટલું નથી સમજાતું કે જે નારીએ હસતાં હસતાં પોતે જેને પુત્ર કહે છે તેના આધ્યાત્મિક જીવનમાં સહકાર આપ્યો ને તેના કંઠમાં હિમાલય જતાં હાર પહેરાવ્યો એનો મહિમા, કોઈ પણ સ્વાર્થ ત્યાગી મહાનારીથી કમ નથી ? તેઓ એક જીવનમુકતા છે. ઈશ્વરે તેમને દર્શન પણ તેમની ભક્તિ તથા સરલ હૃદયને વશ થઇને દીધું છે. તેમનો પુત્રભાવ હવે તો છેક જ ઊડી ગયો છે. શું આ સ્રીનો મહિમા કોઈ પણ અવતારી પુરુષની માતાથી ઓછો છે, તેમજ શું તેમનો ત્યાગ પણ પૂજાને પાત્ર નથી ?

(નારાયણભાઈ ઉપરના પત્રમાંથી)

# દુર્ગાસપ્તશતી

યોગેશ્વરજી

દુર્ગા સપ્તશતી કે ચંડીપાઠ એ સ્ત્રીશક્તિના મંગલમય મહિમાનું જયગાન છે. જે સંજોગોમાં ગવાયું છે એ સંજોગોને પણ સમજવા જેવા છે. અવનીમાં અસુરોનું આધિપત્ય હતું અને અસુરો સર્વત્ર આતંક મચાવી રહેલા ત્યારે એમનો અંત આણવાના અથવા એમને પરાસ્ત કરવાના કાર્યમાં દેવતાઓ સફળ ના થઈ શક્યા. એવે વખતે, વિશ્વને વેદનામાંથી મુક્ત કરવા અથવા સમાજને સ્વસ્થ કે સુરક્ષિત બનાવવા એમણે આદ્યાશક્તિનું શરણ લીધું. એ શરણાગતિને પરિણામે એ પરમશક્તિનો પ્રાદુર્ભાવ થયો અને એણે એ જમાનાના આપત્તિજનક આતંકકારી અસુરોનો અંત આણીને સમાજને શાંતિ અર્પી. એટલે જે કાર્ય પુરુષો કે દેવો પણ ના કરી શક્યા તે સ્ત્રીશક્તિએ સિદ્ધ કર્યું. સ્ત્રી ગૃહિણી, ભાર્યા, શયનેષુ રંભા નહિ, પરંતુ રણચંડી બની. સ્ત્રી એવી રીતે રણચંડી બનીને સમાજની સેવા કે સહાયતા કરી શકે છે એ ચંડીપાઠ દ્વારા સૂચવવામાં આવ્યું છે–અને એ પણ અતિશય આકર્ષક રીતે. એ સંજોગોમાં કરાયેલું સ્ત્રીશક્તિનું જ્વલંત જયગાન અત્યંત પ્રેરક, અમૃતમય અને આશીર્વાદરૂપ થઈ ગયું છે. એમાં પુરુષો તથા સ્ત્રીઓ સૌને સારૂ સનાતન સંદેશ સમાયેલો છે.

(અનુસંધાન પાના ૬૩-૬૪ ઉપર)

*——*



# પૂ. માતાજીને અંજલિ

–યોગેશ્વરજી

[પ. પૂ. માતાજી જ્યોતિર્મયીની પાંચમી પુણ્યતિથિ તા. ૪–૧૦–૮૫ના રોજ આવે છે. આ પ્રસંગે પરમ ભગવતી સ્વરૂપ માતાજી વિષે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાની આત્મકથામાં જે ભવ્ય અંજલિ આપી છે, તે અહીં રજુ કરી છે, જે અસ્થાને નહિ લેખાય પૂ. મહાત્માજી જેમ તેઓને જગદંબાનું સ્વરૂપ સમજતા, તેમ પૂ. માતાજી પણ તેઓ પ્રત્યે કોઈ સાંસારિક પુત્રભાવ રાખવાને બદલે, તેઓને એક મહાત્મા કે સંત તરીકે જોતાં ને એ રીતે તેઓ સાથે વર્તન કરતાં. એટલુંજ નહિ પરંતુ પોતાની વાતચીતમાં ને પત્ર લેખનમાં તેઓ તેમને માતા દેવહૂતિની જેમ કપિલ ભગવાન ગણતાં. પોતાના પુત્રમાંથી આ પ્રમાણે લૌકિકભાવ દૂર કરી, એને પૂજ્ય, પવિત્ર ને વંદનીય માનવું, એ પૂ. માતાજીની સિદ્ધિ જેવી તેવી ન લેખાય. એમનો પૂ. શ્રીના ભક્તો પ્રત્યેનો વર્તાવ પણ વહાલભરી જનની જેવો હતો. એમણે ખરેજ પોતાના માતૃત્વભાવને ખૂબ વિસ્તૃત કરેલો એટલે એમને મન અમે બધા પુત્રવત્ લાગતા.

પૂ. માતાજી સરળ, છતાં ગૌરવશીલ ને નિર્ભીક હતાં. પોતાને જે લાગતું તે તેઓ કશાય ભય કે સંકોચ વિના કહી શકતાં. એ અમને કદીક ઠપકો પણ આપતાં, છતાં એમાં એમનો નર્યો વાત્સલ્યભાવજ વરતાતો, બીજીજ ક્ષણે એમનું વર્તન પૂર્વવત લાગણીસભર સહજ થઈ જતું. એમના વ્યવહારમાં કટુતા ન જણાતી. એક મહાપુરુષનાં જનની બનવાનું જે વિરલ સૌભાગ્ય એમને મળ્યું, એ એમણે ખૂબ સરસ રીતે

દીપાવ્યું. એ માતાજીની પુણ્યતિથિ પ્રસંગે આપણે સહુ એમને જેટલા વંદન કરીએ, એટલા ઓછા છે. એઓ જ્યાં પણ હોય, ત્યાંથી આપણા ઉપર પોતાનું વ્હાલ અને આશીષ વરતાવતાં રહે એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના. જય હો માતાજી જ્યોતિર્મયીની. [તંત્રી]

હિમાલયમાં ઉપવાસોના દિવસો દરમ્યાન માતાજીની ધીરજ ઘણી પ્રશંસનીય હતી. તેમને પોતાને માટે રસોઇ બનાવી લેવી પડતી, તે પણ એક જાતનું તપ હતું. જ્યારે ઈશ્વરઇચ્છાથી મારે કેટલાક શરૂઆતનાં વરસો હિમાલયમાં એકલા રહેવાનું થયું ત્યારે તેમણે બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રીની યાત્રા કરી હતી ને હિમાલયની શોભા જોઇ હતી. તે પછી પણ તેમની ઈચ્છા જો અનુકૂળતા મળે તો મારી સાથે કાયમ માટે રહેવાની હતી. ને તેમની ઈચ્છા પૂરી થઈ. ઈશ્વરે તેમની માગણી મંજુર રાખી. તેમનું સ્વપ્ન એક ધન્ય દિવસે સાકાર થયું, સાચું બન્યું અને આજે તો તે હિમાલય વાસનો આનંદ અનુભવે છે.

ગુજરાતી ચાર ચોપડી જેટલું ભણતર, જુવાનીની શરૂઆતમાં ભાતભાતનાં સંકટ ને દુઃખ તથા સંસારના તડકા છાયાના ખાટામીઠા અનુભવો : તેમના જીવનમાં એવી મહત્ત્વની વસ્તુ હોવા છતાં તેમનામાં ઈશ્વરપ્રેમ, સંતસેવાની ભાવના ને ધર્માનુરાગ બાળપણથીજ છે. તેમની માતામાં પણ તે મૂડી હતી. જૂના સંસ્કાર ને વિચારને શુદ્ધ કરી, મારી સાથે રહીને મારા માર્ગને સમજવાનું કામ તેમને માટે કઠિન હતું; પણ તે કામ તેમને માટે ઈશ્વરની અપાર કૃપાથી સરળ બન્યું, એ વાત ખાસ નોંધવા જેવી છે. સંસારમાં જુદા જુદા જીવોનો સંયોગ ઋણાનુબંધને લીધે થાય છે ને તે જ કારણથી તે મારી સાથે રહીને આનંદ કરે છે. આજે



પણ કોઇ સાધુસંત આવે તો તેને કંઇ ને કંઇ આપી છૂટવાની તેમની વૃત્તિ છે. કોઈ સંન્યાસી કંઇ લેવાની આશાથી આવે તેને નિરાશ કરવો નહિ, એ તેમનું તત્ત્વજ્ઞાન છે તેમનો પ્રેમ ઘણો ભારે છે.

**આજે વરસોથી મારા દિલમાંથી માતા-પિતા કે સ્નેહ સંબંધીના સંસ્કારો ભૂંસાઇ ગયા છે. મારો કયાંક જન્મ થયો ને મારા માતા-પિતા હતા એમ મને ખરેખર નથી લાગતું. મન ને તનના પરમાણુઓ જાણે બદલાઇ ગયા છે. જગત સારુંય ઘર લાગે છે** : છતાં વીતી ગયેલા પૂર્વ-સંસ્કારને યાદ કરવામાં મને કાંઇ બાધ નથી લાગતો. માતાજી મારી સાથે ઋણાનુબંધથી રહે છે તેમાં મને આનંદ છે. ઇશ્વર જે વખતે જે વ્યવસ્થા કરે છે તે સારીજ હોય છે.

જીવનના છેલ્લા વર્ષોમાં તેમને શાંતિ મળે ને છેવટે ઇશ્વરની કૃપાનો અનુભવ કરીને તે જીવનની ધન્યતા પણ અનુભવે એવી મારી ઇચ્છા છે.

રામકૃષ્ણદેવે કહ્યું હતું કે એક રૂપમાં મા કાલીરૂપે મંદિરમાં બિરાજમાન છે ને બીજા રૂપમાં તેણે જ જનની બનીને મને પયપાન કરાવ્યું છે. મારી દૃષ્ટિ પણ માતાજી પ્રત્યે એવી જ છે. તેમને હું જગદંબાનું એક સ્વરૂપ સમજુ છું જેને સમજવામાં ભલભલા વિદ્વાનો પણ મુશ્કેલી અનુભવે તે મારી સાધનાને તેઓ સારી પેઠે અને સરળતાથી સમજી શકયાં છે એ ઓછી અગત્યની વસ્તુ નથી. તેમજ તે સાધનાની સિદ્ધિ માટેના મારા પ્રયાસોનાં અને મારા કેટલાક આધ્યાત્મિક અનુભવોનાં સાક્ષી બનીને શાંતિ અને આનંદપૂર્વક મારી સાથે રહ્યાં છે.

# શ્રીગુરુકૃપાના અદ્‌ભુત અનુભવો

કુમુદચંદ્ર ત્રિવેદી

અમે આફ્રિકાથી ભારત આવ્યા ત્યાં સુધી અમારા જીવનમાં કોઈ આધ્યાત્મિક પુરુષે પ્રવેશજ નહિ કરેલો. સાચું પૂછો તો જીવનના એ ક્ષેત્રથી અમે સાવ કોરાંજ રહેલાં. પરંતુ કયી વ્યક્તિના જીવનમાં પ્રભુ કેવી રીતે પરિવર્તન લાવે છે, તેની કંઈજ ખબર પડતી નથી. અમારા જીવનમાં પણ એવું બન્યું.

ભારતમાં આવ્યા પછી ૧૯૭૮માં અમારે અમારા એક સ્નેહીને ત્યાં રાજકોટ જવાનું થયું. એમને ત્યાં પોતાની લાયબ્રેરી જેવું હતું. એમનાં પુસ્તકો જોતાં, સહજ રીતે અમારૂં ધ્યાન સ્વામી વિવેકાનંદ શતાબ્દી નિમિત્તે પ્રસિદ્ધ થયેલી ગ્રંથમાળા ઉપર પડયું. અને એમાંથી અમે પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવના જીવનનો પ્રથમભાગ લીધો. એ વાંચતાંજ રામકૃષ્ણદેવ પ્રત્યે ભાવ ને પ્રેમ પ્રકટયાં. અત્યારસુધીના જીવનમાં કોઇ ગુરુ કર્યા ન હતા. એટલે મનમાં થયુ પણ ખરૂં કે આપણને આવા કોઇ ગુરુ મળે ખરા ?

મારા અને મારી પત્નીના આંતર મનમાં આ વિચાર સતત ચાલ્યા કરતો. તે અરસામાં એક દિવસ સાંજે અમે ફરવા નીકળ્યાં. જોયું કે સંઘવી હાઇસ્કુલમાં શ્રી યોગેશ્વરજીનું પ્રવચન ચાલતું હતું. કુતૂહલવશ અમે એક છેડે ઊભાં રહી એ પ્રવચન સાંભળ્યું, સાંભળતાં જ અમારા મન ઉપર એની ભારે અસર પડી. પછી તો પૂ.શ્રી યોગેશ્વરજીનાં બધાંજ પ્રવચનો સાંભળ્યાં. ખૂબ ગમ્યાં. એમની શાંત પ્રકૃતિ અને પરંપરાગત ત્યાગી ભગવા વસ્ત્ર સિવાયનાં સ્વચ્છ ખાદીનાં



વસ્ત્રો, અસ્ખલિત સુંદર છતાં સરળ વાક્છટા, અને આત્મિક અનુભૂતિના પ્રસંગોનો કયાંક કયાંક ઉલ્લેખ—અમને આકર્ષી રહ્યાં. પરંતુ તેઓશ્રીનો વ્યક્તિગત અંગત પરિચય જરાય નહિ.

તે પછી અમદાવાદની શિબિર હતી. એટલે જીજ્ઞાસાવૃત્તિથી અમે પણ જોડાયાં. તે વખતે શિબિરના આયોજનમાં મદદ પેટે મેં રૂા. ૧૦૧ આપેલા. ત્યાં એક દિવસ રાત્રે મારાં પત્નીને પૂ.શ્રી યોગેશ્વરજીએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું, “શિબિરને મદદ કરો. તમારી સંપત્તિને શું કરશો ?” મારાં પત્નીએ બીજે દિવસે મને આ વાત કરી. મેં એમને કહ્યું, “તમે એવા વિચાર કરતાં હશો, એટલે તમને આવું સ્વપ્ન આવ્યું.” મારો આ ખુલાસો તે વખતે મારાં પત્નીએ સ્વીકારી લીધો. પરંતુ બન્યું એવું કે બીજા દિવસે પણ પૂ.શ્રીએ સ્વપ્નમાં આવી એજ વાત દોહરાવી. જ્યારે પત્નીએ મને બીજી સવારે આ વાત કરી ત્યારે મને થયું કે પૂ.મહાત્માજી પોતાની વિશેષ શક્તિથી સત્કર્મમાં સહાયરૂપ થવા અમને પ્રેરણા આપી રહ્યા છે. આથી મેં તેજ દિવસે રૂા ૯૦૦/–નો બીજો ચેક શ્રી બાબુભાઇને આપી દીધો. શિબિરમાં જોડાવાના પરિણામે અમને ઘણો લાભ થયો. અમારામાં આધ્યાત્મિક સમજ આવી એટલુંજ નહિ, પરંતુ વ્યક્તિગત સાધના પણ કેમ કરી શકાય, તેનો થોડો ખ્યાલ આવ્યો. અમારા માટે જીવનનું આ નવું ક્ષેત્ર હતું. છતાં વર્ષોથી વહેલા ઉઠવાની મારી ટેવને લીધે મને એમાં રસ પડવા લાગ્યો અને અમને સહજ રીતે એમનામાં ગુરૂભાવ થયો. આમ છતાં પૂ.શ્રી યોગેશ્વરજીનો મને વ્યક્તિગત કોઈ પરિચય અત્યારે સુધી થયો ન હતો. પૂ. શ્રી મને નામથી ઓળખતા એટલુંજ.

પૂ. શ્રી માંદગીમાંથી સાજા થયા પછી અમદાવાદના વસવાટ દરમ્યાન અને ખાસ કરી શ્રી નંદુભાઈ ચાવાલાને ત્યાં પૂ. શ્રીનો ઉતારો હતો ત્યારે પૂ. શ્રીની વધુ નજીક આવવાનું બન્યું. જેમ જેમ અમારો પરસ્પરનો પરિચય વધતો ગયો તેમ તેમ અમને પૂ. શ્રી પ્રત્યે વિશેષ ખેંચાણ થવા લાગ્યું. મનમાં એક એવી પણ ભાવના થઈ કે પૂ. શ્રી અમારે ત્યાં પધારે તો કેવું સારૂં !

સાચા મહાપુરુષોની એક વિશેષતા હોય છે કે તેઓ બહારની વાણીના વ્યહવાર કરતાં, અંતરના ભાવોને જલ્દી પામી જતા હોય છે. પ્રભુએ અમારી એ ભાવના ૧૯૮૩માં પૂરી કરી. પૂ. શ્રી ને પૂ. માશ્રી સર્વેશ્વરી સામે ચાલીને અમારે ત્યાં આવ્યાં, એટલુજ નહિ, પરંતુ ૧૯૮૩ની સાલ-ગુરૂપૂર્ણિમાના આગલા દિવસે અમારે ત્યાં મુકામ કર્યો અને ગુરૂપૂર્ણિમાની સવારે સૌથી પહેલું પૂજન કરવાનો લાભ અમોને આપ્યો. અમે તે દિવસે જીવનની ખરી ધન્યતા અનુભવી. લાગ્યુ પણ ખરૂં કે મહાપુરુષો દિલના નિર્મળ ભાવોને કેવી સહજ રીતે પામી જતા હોય છે. ૧૯૮૩ની ગુરુપૂર્ણિમાની એ ઉજવણી પૂ.શ્રીની હયાતી દરમ્યાનની છેલ્લી ઉજવણી બની રહેશે, તેની ત્યારે કલ્પના પણ શી રીતે આવી શકે ?

એ પછી પૂ.શ્રીએ જ્યારે 'સત્યપથ' ખરીદ્યુ, ત્યારે તો તેઓની વિશેષ નજીક આવવાનું બન્યું. પૂ શ્રી મારામાં જે વિશ્વાસ મૂકતા અને જવાબદારી ભરેલ કામો કશાય સંકોચ વગર જે રીતે સોંપતા, તે જોઇ મનેય ઘણીવાર આશ્ચર્ય થતું. પૂ શ્રીની માણસ પારખવાની અદ્ભુત શક્તિનો પરિચય મને ત્યારે થયો.

અમારે બેત્રણ વર્ષ માટે પરદેશ જવાનો વિચાર હતો.



આ માટે પરદેશથી મિત્રોના પત્રો પણ આવતા. મનમાં એવી પણ ગણત્રી હતી કે તે દરમ્યાન પૂ.શ્રી પણ પરદેશ આવશે તો તેઓના સાન્નિધ્ય ને સત્સંગનો લાભ પરદેશની ધરતી ઉપર પણ મળશે. આથી મેં પૂ.શ્રીને અમારા પરદેશ ગમન માટેના વિચારની વાત એક દિવસ કરી. પૂ.શ્રીએ તે વાત ત્યારે સાંભળી લીધી. મને કોઇ જવાબ આપ્યો નહિ. એટલે મને મનમાં થોડી મૂંઝવણ થતી. અમારી ભાવના એવી હતી કે પૂ.શ્રીના આશીર્વાદ લઈ પરદેશ જવું. પરંતુ પૂ.શ્રીએ તો તાત્કાલિક કોઈ પ્રતિભાવ ન દર્શાવ્યો, એટલે ફરી પૂછવા માટે વિચાર થતો. પરંતુ એમ કરવા મારૂં સંકોચશીલ હ્રદય ના પાડતું. આખરે એક દિવસે સાંજે પૂ.શ્રીએ કહ્યું. 'પરદેશ જવું હોય તો જાઓ, પણ તમારે માટે સારૂં નહિ રહે. હા, તમારા જવાથી તમારા મિત્રોનાં કામ થશે. પરંતુ વ્યક્તિગત રીતે તમારે માટે આ પ્રવાસ સુખ કે શાંતિદાયક નહિ નીવડે. વળી અકસ્માતનો ભય ખરો, પરંતુ અમે તમારૂં રક્ષણ કરીશું.'

પૂ.શ્રીની આ નિખાલસ છતાં ઉત્સાહ મંદ પડી જાય એવી વાત સાંભળી, મને વ્યક્તિગત રીતે બહુ ઉત્સુકતા ન રહી. છતાં બધીજ વ્યવસ્થા થઇ ચૂકી હતી, એટલે કંઈક કચવાતા મને અમે ૧૯મી સપ્ટે. ૧૯૮૩ના રોજ ઇંગ્લેન્ડ જવા ભારત છોડયું.

પરદેશ ગયા પછી પૂ.શ્રીની આગાહી પ્રમાણે મને શારીરિક રીતે મઝા ન લાગતી, તેમજ માનસિક શાન્તિનો અનુભવ પણ હું ન કરી શકતો. આમ છતાં હું જોતો કે મારા આગમનથી મારા મિત્રોનાં કામો અણધારી રીતે ઉકલી જતાં ને તેઓને બધીજ રીતે ફાયદો થતો.

એવામાં તા. ૨૪મી ડીસેમ્બરે-એટલે નાતાલની આગલી રાતે-અમારા એક મિત્રને ત્યાં ભોજન લેવા ગયેલા. તેમને ત્યાં ઘણું બેઠા પછી અમે મોડી રાતે અમારા રહેઠાણ ઉપર આવવા મોટરમાં નીકળ્યા. ઈંગ્લેન્ડમાં લોકો આ દિવસે ખૂબ દારૂ પીતા હોય છે અને ઘણા બધા અકસ્માતમાં મરતા પણ હોય છે. અમારી ગાડી યોગ્ય ગતિએ જઈ રહી હતી ત્યાં અમે સામેથી એક ગાડી પૂરઝડપે આવતી જોઈ એટલુંજ નહિ પણ એનો સંચાલક પીધેલી હાલતમાં હોય એમ ગાડીની ગતિ એકધારી નહિ પણ વાંકીચૂકી જણાઈ આવતી હતી. ઘડીભર અમે બધા મૂંઝાઈ ગયા. સામેની ગાડી અમારી ગાડી સાથે અચૂક ભટકાશે એવી દહેશતથી અમે ઘડીભર આંખો મીંચી દીધી ને ગુરૂદેવને યાદ કર્યા. પરંતુ એકાદ મિનિટમાંજ અમારા સહુના આશ્ચર્ય વચ્ચે, તે ગાડી અમારી ગાડીને સહેજ ધીસરકો મારીને પૂરઝડપે આગળ નીકળી ગઇ !

હવે અમારા જીવમાં જીવ આવ્યો. તુરત પૂ.શ્રી ગુરુદેવના શબ્દો યાદ આવ્યા- “ ચિન્તા ન કરતા, અમે તમારૂં રક્ષણ કરીશું. ”

તે પછી બીજી આફતકારક ઘટના ૧૧-જાન્યુ. ૮૪ ના રોજ બની. અમે ઈસ્ટ લંડનના અમારા એક મિત્રના ફ્લેટમાં એના બહુ આગ્રહથી રહેવા ગયા. આ ફ્લેટની નીચેના ભાગમાં એ મિત્રનો મોટો સ્ટોર હતો. અમને આ સ્થાનમાં રહેવા આવ્યે દોઢેક માસ થયો હશે, ત્યારે આ ઘટના બની.

અમારા આ ફ્લેટમાં ત્રણેક રૂમ હતા, એમાંના બેડરૂમમાં હું અને મારાં પત્ની સૂતાં હતાં. રાત્રે બાર વાગ્યાનો સમય થયો હશે. અમે બન્ને તો ભર ઊંઘમાં હતાં, ત્યાં અચાનક બારને ટકોરે બારણા ઉપર ટકોરા સંભળાણા. અમને નવાઇ લાગી. નીચેથી



ઉપર આવવાનો મુખ્ય દરવાજો તો રાત્રે અમે બંધ કરેલો હતો. તો પછી આ રીતે ઉપર કોઈ શી રીતે આવી શકયું હશે - એવા આશ્ચર્ય વચ્ચે અમે પૃચ્છા કરી બારણું ઉઘાડયું. તો બે અંગ્રેજ પોલિસ અધિકારીઓને સામે ઊભેલા જોયા. એમણે નમ્રતાપૂર્વક કહ્યું, ” માફ કરજો, પરંતુ તમારો આ મેઇન દરવાજો ને ઉપરના બીજા દરવાજા તૂટેલા જોયા. એટલે અમે અમારી ફરજ ઉપરથી ઘરે જઇ રહ્યા હતા. આ વિસ્તાર અમારી ફરજમાં આવતો નથી, છતાં અમને થયું “ જોઇએ, અહીં શું બન્યું છે ? એટલે આપને જગાડ્યા. પ્રભુકૃપાથી તમે બચી ગયા છો. આ વિસ્તાર તમારા જેવા માણસો માટે રહેવા જેવો નથી. ”

અમે કહ્યું “ અમે ભારતથી આવીએ છીએ. આ ઘર અમારા મિત્રનું છે. નીચે એમનો સ્ટોર છે, એટલે એમાંથી શું ગયું છે, એની અમને કંઈ ખબર શી રીતે પડે ? અમારા એ મિત્ર તો દૂર રહે છે. એથી એમને બોલાવીએ તોજ સાચી હકીકત જાણી શકાય.” એમણે અમારા આશ્ચર્ય વચ્ચે નીચે જઈ અમારા એ મિત્રને ટેલિફોન કરી ઉઠાડયા અને જલ્દીથી સ્ટોર ઉપર આવવા કહ્યું. વળી અમારો મુખ્ય દરવાજો તૂટેલો હતો એટલે અમને કોઇ ભય ન લાગે, તે માટે નજીકના પોલિસ સ્ટેશને વાયરલેશથી ખબર આપી, ચોકીનો બંદોબસ્ત કરતા આવ્યા. મેં એમનો આભાર માન્યો. મેં અજાણ્યા એ અંગ્રેજ પોલિસ અધિકારીઓ પાસેથી આટલી બધી મદદની આશા રાખી ન હતી. મને એ દેવદૂતસમા લાગ્યા.

આ પછી અમારા મિત્રની રાહ અમારે જોવાની હતી. એમનું ઘર દોઢેક કલાકના અંતરે હતું, એટલે મેં મારાં પત્નીને કોફી બનાવવા કહ્યું. એમણે સૂચવ્યું તો પેલા પોલિસ

અમલદારોને પણ બોલાવાને ! મને પણ એમના સદ્‌વર્તન, અને અણકલ્પેલી સહાય પહોંચાડવા બદલ એમના પ્રત્યે ઘણો આદર થયેલો. એટલે તુરત મેં નીચે જઇને આખે રસ્તે જોયું. પરંતુ તેઓ ક્યાંય જણાયાજ નહિ. ઘડીભર મને આશ્ચર્ય થયું. કારણ કે એમને નીચે ઉતર્યે ભાગ્યેજ એકાદ-મિનિટ થઈ હશે.

મેં મારાં પત્નીને આવીને કહ્યું. “ તેઓ તો ક્યાંય જણાયા નહિ. મારી વાત સાંભળી એમનેય આશ્ચર્ય થયું ”

પછી કોફી પીતાં પીતાં અમે પૂ.યોગેશ્વરજીના શબ્દો યાદ કરી રહ્યાં “ અમે તમારૂં રક્ષણ કરીશું. ” એમણે ખરેખર અદ્‌ભુતરીતે અમારી રક્ષા કરી. બાકી આવા અજાણ્યા પ્રદેશમાં અડધી રાતે કોણ સહાય કરે !

* બિંદુઓનો સમૂહ મળીને સમુદ્ર બને છે તેમ આપણે મૈત્રી કરીને મૈત્રીના સાગર બની શકીએ છીએ અને જગતમાં સૌ એકબીજા સાથે મિત્ર ભાવે રહીએ તો જગતનું રૂપ બદલાઈ જાય.

* ગીતા અનુસાર અનાસક્તિની પરાકાષ્ઠા તે મુક્તિ, સુખ અને દુઃખ મિત્ર અને શત્રુ, પોતાનું અને પારકું બધું સમાન સમજવાથી અનાસક્તિ વધે છે. તેથી અનાસક્તિનું બીજું નામ સંભવ છે.



# “સુખ–દુઃખ”

સંકલનઃ ઈશ્વરભાઇ શાહ

દુઃખ શું છે ? કે જે કોઇ નથી ઇચ્છતું છતાં આવે છે.

સુખ શું છે ? માનવ રાખવા ઇચ્છે છે છતાં ચાલ્યું જાય છે.

**જીવનનું સત્ય નં.–૧ :**–આ ઉપરથી સાબીત થાય છે કે સુખ–દુઃખ ઉપર માનવનો અધિકાર નથી. આમાંથી સત્ય જડ્યું કે સુખ–દુઃખ પ્રાકૃતિક છે.

પ્રાકૃતિક જે હોય તે માનવના હિતમાંજ હંમેશા હોય. કદાપિ અહિતમાં ન હોય. માનવ ન સમજે અને માની લે કે દુઃખ મારા અહિતમાં છે તો તેથી દુઃખ માનવના અહિતમાં હોય તેમ સાબીત થતું નથી.

પ્રકૃતિ મા છે. અને સુખ–દુઃખ તેનાં મોકલેલ છે. જેથી પ્રાકૃતિક આપણે સાબીત કર્યું. હવે આ પ્રકૃતિ મા કોઈ દીકરાના અહિતમાં કાંઈ કરે તે શક્ય નથી.

સંસારમાં પણ તમારો અનુભવ છે કે સંસારિક મા દીકરાને ખોળામાં સુવાડી બે પગ વચ્ચે દબાવી પેટમાં દુઃખતાં અંદરજવ (કડવા) પાય છે. દીકરો માને છે કે મા મને હેરાન કરે છે. અને દીકરો પાટુ મારે છે. પાયા પછી ઉઠી માથામાં મારે છે. છતાં મા હસે છે.

મા કેમ હસે છે ? કે દીકરાને ખબર નથી કે “મા”નું કોઈ કાર્ય તારા અહિતમાં ન હોય. સદા હિતમાંજ હોય. બાળકની અજ્ઞાનતા ઉપર મા હસે છે. આ પ્રમાણે જ્યારે તમારા ઉપર દુઃખ આવે છે અને તમે રાડો પાડો છો. પૂજા ફેંકી દો છો, માળા ફેંકી દો છો ત્યારે પ્રકૃતિ મા હસે

છે. તે જાણે છે કે દીકરાનું આ અજ્ઞાન છે. પણ આ દુઃખ મેં તેના વિકાસ માટે મોકલ્યું છે, તે જાણતો નથી.

બાપુએ કહેલ કે સુંદરકાંડ વાંચો તો સારો પતિ મળશે. હવે પતિની વાત રહી. પણ સગપણ પણ થતું નથી. ફેંકો સુંદરકાંડ.

જો સુખ–દુઃખ તમારા કાબુમાં ન હોય અને અસીમ શક્તિ જે મા પ્રકૃતિ છે તેના હાથમાં હોય તો ડહાપણ તે ગણાય કે ચૂપ થઈ જવું અને જોવું; કારણ કે ઈશ્વરની એક મોટી કૃપા છે કે કોઈ દુઃખ એવું નથી કે કાયમ રહે. તેમજ કોઈ સુખ એવું નથી કે કાયમ રહે. ઉત્પન્ન થશે, નાશ પામશે.

**જીવનનું સત્ય નં.-૨ :-** કોઇ સુખ–દુઃખ કાયમ નથી રહેતું–આવશે–જશે. આ નિર્વિવાદ છે. સુખ–દુઃખની પ્રતિતિ માની છે. સુખ–દુઃખ કોઇને ગળે ચોંટતું નથી. માનવને જો પ્રથમમાં પ્રથમ અનુભૂતિ કોઇની થતી હોય તો દુઃખની. ૧૦ દિવસનું બાળક ભૂખના દુઃખથી રડે છે. બાળક રડયું ત્યાં તો દુઃખની મદદે કરૂણાળુ ભગવાન માતારૂપે કે નર્સના રૂપે હાજર થાય છે.

ઈશ્વર સદા દુઃખની મદદે હોય જ છે. ભલે તમે ઈશ્વરને જાણો કે ન જાણો, માનો કે ન માનો, પણ ભગવાન તમારા દુઃખને જાણે છે. અને દુઃખથી મુક્ત કરવા મદદે આવે છે. આ કારણે મેં ભગવાનનું નામ દુઃખહારિ રાખ્યું છે.

કરૂણા છે શું ? પોતાના સુખને સામાનું દુઃખ મટાડવા ઉપયોગ કરવો તે.

(સુખ એટલે બળ–વસ્તુ–યોગ્યતા, આનો ઉપયોગ જગતના માટે કરવો તે)



જે પોતાના સુખને સામાનું દુઃખ મટાડવા વાપરે તેનો અર્થ શું ? આ જે કરવાનું કહે છે તે કરૂણાવાન. કરવાનું નામ છે કરૂણા. અને આ કરૂણા દેનાર છે કરૂણાસાગર.

કરૂણાસાગરે કરૂણાવાનને કરૂણા આપી, નિમિત્ત બનાવી બીજાનું દુઃખ મટાડયું. આ કારણે બીજાનું દુઃખ મટાડવા જે પોતાના સુખનો ત્યાગ કરે છે તે કરૂણાવાન અને આવાને કરૂણાસાગરે કરૂણા દીધી છે.

**જીવનનું સત્ય નં. ૩ :-** તમારૂં દુઃખ મટાડવા પોતાના સુખનો ત્યાગ કરે તે કોઇ નથી પણ કરૂણાગર ઇશ્વર જ છે. જે દુઃખહારિ હરિ દુઃખની મદદે આવ્યા છે. આવાને જે માનવ માને છે તેનું દર્શન ખોટું છે. દેખેલાના પ્રભાવમાં છે. બાકી છે ખુદ ઇશ્વર.

આ કારણે હું તમને કહું છું કે વગર પૈસાથી ચાલીને વડોદરાથી હરિદ્વાર જાવ. ઇશ્વર-ઇશ્વર દેખાશે. ઇશ્વર નથી દેખવા દેતી નોટો (પૈસા)–રેલ્વે-પ્લેન, દુઃખમાં તમને થાય છે કે ભાઇને મારો માનતો પણ દેખાતો નથી. બાપને મારા માનતો પણ મારા ઉપર ખોટા આક્ષેપ કરી પૈસા (મદદે) આપતા નથી. પત્ની પણ બાપના ઘરે ગઈ. જેને વહાલા મિત્રો માનેલ તે પણ દેખાતા નથી. આ શું છે ? પરાધીન દશા.

દુઃખી પ્રથમ ભુલ તે કરે છે કે તેણે દઢ કર્યું છે કે મને સંસાર જ સુખ આપી શકે. આ છે "પર" ને "આધીન"– પરાધીનપણું.

દુઃખી જો ભૂલ સુધારી લે કે સંસારમાં દુઃખ છે ૮૦ ટકા, જ્યારે સુખ છે ૨૦ ટકા. આખો સંસાર મારી મદદે આવે તો પણ મને સુખી ન કરી શકે. સુખ 'પર' દે તે ભ્રમ છે સુખ તો 'સ્વ'માં છે.

**જીવનનું સત્ય નં. ૪ :-** દુનિયાની કોઈ વ્યક્તિ બીજાને સુખી-દુઃખી બનાવે તે શકય નથી. સુખ 'સ્વ'માં છે. 'પર' માત્ર દુઃખ છે.

આ હું જે જીવનનું સત્ય લખું છું. તે જો જીવનમાં અપનાવશો તો અસત્યનો સંગ જશે અને સત્યની પ્રાપ્તિ થશે. તે નિર્વિવાદ છે. જીવનમાં જે અસત્ય જણાય તેને કાઢયા વિના ભલે સત્ ચર્ચા, સત્ ચિંતન, સત્ ક્રિયા કરો તે નકામા છે.

હા, કદાચ અહમ્ વધશે અને અહમ્ દંભી બની, દીન બની દાન બની, દુનિયામાં કદાચ સારા કહેવાશો કે ભાઈ, ફલાણાની શું વાત કરવી. રોજ કથામાં જાય છે. રોજ સત્સંગ મંડળમાં જાય છે. રોજ માળા ફેરવે છે. આ જગતને છેતરવાનો ધંધો છે.

જગત તમને તમે જેવા છો તેના કરતાં ઘણા સારા માને છે. આ જગતની ઉદારતા છે.

પરાધીન દશા દુઃખ લાવ્યું તો પ્રકૃતિમા આ પોતાનો દીકરો પરાધીન રહે તેમ ઇચ્છે છે કે દીકરાને પરાધીન દશામાં મૂકયો ? ના. પરાધીન દશા જ દીકરાને સ્વાધીનતાનો રસ્તો દેખાડે છે. દીકરો નકામો મિત્રો, બાપ, પતિ, ભાઈ મારા નથી તેમ માની રડે છે. મા બતાવવા માગે છે કે દીકરા આજ નહિ, કદી તારા હતા નહિ, છે નહિ. બેઠો થઈ જા. પરાધીન તું કદી ન સંભવે. તારે કદી કોઈની મદદની જરૂર નથી.

હાય, હાય, નોકરી નથી, શું કરૂં ? આમ પરાધીન ન બન. નોકરી જ તારૂં જીવન છે કે રડવા બેઠો છે ?

**જીવનનું સત્ય નં. ૫ :-** જે ન ઇચ્છે અને આવે તે છે પ્રાકૃતિક વિધાન.



દુઃખીને દુઃખની માંગ ન હતી. દુઃખીએ સ્વાધીનતા ન ઇચ્છેલ, છતાં પરાધીનતાએ સ્વાધીનતાની લાલચ જગાડી.

સુખ જતાં આસક્તિ રહે છે. પણ સુખ જાય ચોક્કસ. આ પ્રમાણે ન ઇચ્છો છતાં દુઃખ આવશે જ. આ "વૈધાનિક તથ્ય" છે.

અહીં બે વાત છે (૧) એક ઇશ્વર (૨) બીજા-ઈશ્વર વિધાનો.

કોઇ ઈશ્વરને સિધા મેળવે છે. જ્યારે કોઈ ઇશ્વરનાં વિધાનો પાળી ઇશ્વર મેળવતા નથી. પરંતુ ઈશ્વરને પ્રાપ્ત થાય છે. આવા છે મહાવીર-બુદ્ધ, મહાવીરને કોઇએ પૂછ્યું કે "ઇશ્વર છે ?" તો કહે "હા-ના." પેલો કહે આ "હા-ના" શું છે ? તો મહાવીર કહે, "હા"-કહું તો પ્રત્યક્ષ બતાવાતો નથી. અને ઈશ્વર નથી તેમ મારાથી કહ્યું જતું નથી. માટે હે ભાઈ, "હા" અને "ના"ની વચમાં ઈશ્વર છે. દુઃખ કેમ છે ? જો દુઃખને કાઢી લો તો સુખ નહિ રહે. અને સુખની દાસ્તાન રહે. સુખ લાવે છે દુઃખ. સુખની દાસ્તાન એટલે ધનજ મારૂં સુખ છે, આ માન્યતાનો નાશ પણ દુઃખજ કરે છે.

દુઃખ જીવન નથી.

દુઃખ કાયમ નથી ટકતું. જે ઉત્પન્ન થાય અને નાશ પામે તે જીવન નથી. જે સ્થાયી હોય તે જીવન. જે સ્થાયી ન હોય તે જીવન નથી. સુખ-દુઃખ સ્થાયી નથી જેથી પોતે જીવન નથી. પણ સુખ-દુઃખના સદુપયોગમાં જીવન છે.

સુખ-દુઃખનો શું સદુપયોગ ?

સુખ આવે તો જગતને બાંટો. દુઃખ આવે તો જેનું દુઃખ હોય તેની વાસનાનો ત્યાગ કરો. આ બંને જીવન છે.

(પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુ યોજીત સાધના શિબીરના સત્સંગમાંથી)

# પ્રશ્નોત્તરી

– યોગેશ્વરજી

પ્રશ્નઃ-સમાધિમાં મન મળી જાય છે, ત્યારે, કે તેના પરિણામે, કઇ કઇ વિશેષ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે?

ઉત્તરઃ-સૌથી પહેલાં તો આત્મદર્શન થાય છે. એ થવાથી પરમશાંતિની પ્રાપ્તિ થાય છે; જે શાંતિની દરેક જીવ ઝંખના કરે છે; અને સાધક જેને માટે સાધનાનું આલંબન લે છે, તે શાંતિ સમાધિના પરમ પ્રદેશમાં પ્રવેશ કરવાથી સહજ બને છે. શરીરથી અલગ આત્મની અનુભૂતિ પણ શરીર જ કરાવી આપે છે. એ ઉપરાંત, કેટલીક વિશેષ શક્તિઓની પ્રાપ્તિ – જેને સિદ્ધિ કહેવામાં આવે છે – તેની પ્રાપ્તિ – પણ વિકાસના ક્રમના પરિણામરૂપે સ્વાભાવિક રીતે જ થઇ રહે છે. આત્મદર્શનની ઇચ્છાવાળા સાચા સાધકો એવી સિદ્ધિઓની લાલચ નથી રાખતા. છતાં પણ એ સિદ્ધિઓ એમના માર્ગમાં આપોઆપજ આવતી હોય છે.

પ્રશ્નઃ-સમાધિની સિદ્ધિને પરિણામે પ્રાપ્ત થનારી સિદ્ધિ, કોઇને પદચ્યુત કરી દે છે ખરી?

ઉત્તરઃ- પદચ્યુત થવાનો ભય જ્યાં સુધી સાધક કાચી દશામાં હોય છે, ત્યાં સુધીજ છે. મન નિર્મળ થાય, ઇશ્વરમય બની જાય, અથવા તો સ્વરૂપના સાક્ષાત્કારમાં સહાયભૂત થાય, પછી તેવો ભય નથી રહેતો. પછી તો સાધક સંપૂર્ણપણે ભયમુક્ત બની જાય છે. પછી એને અષ્ટસિદ્ધિ ને નવનિધિની પ્રાપ્તિ થાય તોપણ શું? એ સિદ્ધિઓ એને ચંચલ,



ચલિત કે ભ્રાંતચિત્ત નથી બનાવી શકતી. એવી વિશેષ શક્તિ કેટલીક વાર એના જીવનમાં ઉપયોગી થઇ પડે છે. અને એવી શક્તિની મદદથી એ બીજા અનેકને મદદરૂપ બને છે.

પ્રશ્નઃ-આત્મદર્શનને માટે વિશેષ શક્તિ કે સિદ્ધિ અનિવાર્ય છે ખરી?

ઉત્તરઃ-બીલકુલ નહિ. આત્મદર્શનને માટે જે અત્યંત જરૂરી કે અનિવાર્ય છે, તે તો હૃદયની નિર્મળતા, દર્શનને માટેની તીવ્ર તરસ ને ધગશ, સતત પુરુષાર્થ અને સમાધિની અલૌકિક અવસ્થાની અનુભૂતિ છે. શક્તિ કે સિદ્ધિ એવી સાધના દ્વારા થતી એક સહજ પ્રાપ્તિ છે. કોઇને તે થાય, ને કોઇને ન પણ થાય; કોઇને સાધારણ કે અલ્પમાત્રામાં થાય ને કોઇને વિશેષ માત્રામાં પણ આવી મળે છે. એનો કોઇ ચોક્કસ અથવા તો એકધારો નિયમ નથી

પ્રશ્નઃ-સમાધિ સિવાય આત્મદર્શન શું ન થાય?

ઉત્તરઃ-સમાધિ સિવાય આત્મદર્શન કરી શકશો જ કેવી રીતે? આત્મદર્શન માટે તમારી પાસે બીજુ સાધન જ કયું છે? આત્મદર્શનની અભિલાષાવાળા સાધકે ધ્યાન કે ધારણાની અંતરંગ સાધનાનો આધાર લઇને, સમાધિ સુધી પહોંચવુંજ જોઇએ; કેમકે સમાધિજ એક માત્ર એવું સાધન છે જે દ્વારા હૃદય પ્રદેશમાં રહેતા પરમાત્માની સાથે સીધો સંબંધ બાંધી શકાય. અંતરંગ સાધનાની ઉપેક્ષા કરીને, કેવળ પુસ્તોકોનું પારાયણ કરવાથી કે ગમે તેટલી કુશાગ્ર બુદ્ધિ દ્વારા પણ આત્મને સમજવા-સમજાવવાથી પરમાત્માનો સાક્ષાત્કાર નહિ થઇ શકે, ને પરમાત્માનું રહસ્ય પણ હાથમાં નહિ આવી શકે. જે પરમ શાંતિની ઝંખના છે તે પરમ શાંતિ પણ દૂરજ રહેશે. તમે નથી જોતા કે બૌદ્ધિક પ્રતિ-

ભાવાળા વિદ્વાનો, પંડિતો અથવા અધ્યાપકો અને આચાર્યોનો જગતમાં તોટો નથી. છતાં પરમાત્માના પ્રત્યક્ષ દર્શનથી તેઓ વંચિત છે. મન તથા ઇંદ્રિયો પર તેમનો કાબૂ નથી, ને પોતાની પ્રકૃતિના તેઓ ગુલામ છે. પ્રકૃતિની એ ગુલામીમાંથી મુક્તિ મેળવીને, મન અને ઇંદ્રિયોની પારના પ્રદેશમાં માણસ સ્થિતિ કરે ત્યારેજ તે પરમાત્માદર્શી બની શકે છે અને પરમ શાન્તિનો ઉપભોગ પણ ત્યારેજ કરે છે- એટલે સમાધિ સિવાય કોઈને આત્મદર્શન થઈ શકશે એવું ન માનતા. તમારે જો આત્મદર્શન કરવુંજ હોય તો, બીજી બધી ભ્રાંતિનો ત્યાગ કરીને, ધ્યાન, ધારણા જેવી અંતરંગ સાધનાનો રસ કેળવવા કટિબદ્ધ બનજો. એજ માર્ગ છે. એજ સાધન છે, ઉપાય છે, એ લખી રાખજો.

હજારો મણ કચરો ખૂબ પરિશ્રમ કરીને કાઢીએ ત્યારે કોઇ હીરો હાથ લાગે છે. આપણે એવો થોડો પણ પરિશ્રમ કચરારૂપી જૂઠ કાઢવાને અને હીરા રૂપી સત્ય શોધવાને માટે કરીએ છીએ ખરા !

બુરી આદત ન છૂટે તો સત્યને રસ્તે ન જઈ શકાય. વાત એમ છે કે સત્યને માટે બધું જ કુરબાન કરવું જોઇએ. આપણે જેવા છીએ તેવા દેખાવા નથી માંગતા પણ એથી સારા દેખાવા માંગીએ છીએ. ઊંચા થવાની ઇચ્છા હોય તો ઊંચા કામ કરીએ અને ઊંચા વિચાર કરીએ તો કેવું સારું ! એ ન બની શકે તો ભલે નીચા દેખાઇએ. તો જ કોઇક દિવસ ચઢીશું.

—ગાંધીજી



# સાધનાનું મૂળ : સંયમ

'ઉપાસક' ભૂપતરાય મો. ઠાકર

માણસમાં બે પ્રકારની વૃત્તિ રહેલી છે. સદ્‌વૃત્તિ અને અસદ્‌વૃત્તિ. અસદ્‌વૃત્તિ પરનો સંયમ જ સિદ્ધિનું સોપાન છે. સંયમ વગરનું જીવન અને બ્રેક વગરનું વાહન બન્ને હાનિકારક છે. જીવન નૈયાનું સૂકાન આ સંયમ છે. જીવનના પ્રત્યેક પાસા સંયમથી જ શોભે છે, વિકસે છે. સાધનામાં સંયમનું ખૂબ જ આગવું મહત્ત્વ છે. ઇંદ્રિયો પરનો સંયમ નરમાંથી નારાયણ બનાવે છે.

तानि सर्वाणि संयम्य युक्तआसीत्मत्पर ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठता ।

જે ઇંદ્રિયો પર અંકુશ–કાબુ-સંયમ રાખી શકે છે તે ઈશ્વરમાં લીન થઇ શકે છે. તેની બુદ્ધિ સ્થિર થાય છે. ઇંદ્રિયો જ માનવીને જયાં ત્યાં ભટકવા ઉશ્કેરે છે. ઉત્સાહિત પ્રોત્સાહિત કરે છે. મનને સ્થિર થવા દેતી નથી, બુદ્ધિમાં વિકાર જન્માવે છે. તેથી ઇંદ્રિયો પરનો સંયમ અનિવાર્ય છે.

માનવીના સાંસારિક જીવનમાં પણ સંયમ જરૂરી છે.

શારીરિક, માનસિક, વ્યવહારિક કે આધ્યાત્મિક જીવન જીવવા માટે સંયમ ખૂબ જરૂરી તત્ત્વ છે.

ખોરાક પરનો સંયમ આરોગ્ય (શારીરિક) માટે અનિવાર્ય રહ્યો છે. સ્વાસ્થ્ય માટે તો આ જરૂરી છે જ. સાત્ત્વિક, શુદ્ધ અને નિયમિત ખોરાક આરોગ્યવર્ધક, આયુવર્ધક છે, જીભ જ બધા રોગોને આવકારે છે. તમતમતા, ઉઘાડા, તીખા, ખાટા-ખારા ખોરાકથી શરીર બગડે છે, શરીર

બગડવાથી મન બગડે છે અને જીવનનો નાશ થાય છે. કહેવાયું છે 'પહેલું સુખ તે જાતે નર્યા.' તંદુરસ્ત શરીર પાસે જ તંદુરસ્ત મન-મગજ હોય છે. Healthy body has healthy mind.

વાણી ઉપરનો સંયમ પણ જરૂરી છે. વાણીના ઘા પણ રૂઝાતા નથી. બોલવાથી શક્તિનો વ્યય થાય છે. 'બોલેલા શબ્દો અને છૂટેલાં તીર' પાછાં ફરતાં નથી. અસંયમિત વાણી દુશ્મન ઊભા કરવામાં, જીવનમાં ઝેર રેડવામાં, સંબંધો બગાડવામાં, બીજાના હૈયાને ઠેશ લગાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સંતો હમેશાં મૌનને આવકારે છે. શક્તિનો સંચય કરે છે. સાધનાને મૌન દ્વારા ઘૂંટે છે. સંતોનું, ગુરુઓનું મૌન એ શ્રેષ્ઠતમ ઉપદેશ છે. જે મૌન સહન કરી શકે તે ઉપદેશ સહન કરી શકે છે.

વિચારો પર પણ સંયમ જરૂરી છે. વિચારો જ શરીરને દોરવણી આપે છે. જેના વિચારો ભટકતા છે, અસ્થિર છે, નિરંકુશ છે તેવી વ્યક્તિમાં વિશ્વાસ રાખી શકાય નહીં. સંતોનું બોલવું । पत्थर पर लकीर के समान होता है। મૂર્ખનું પાણી પર લખેલું હોય છે. अभी बाला अभी फोक। એ અસ્થિર વિચારોનું પરિણામ છે. જે વાણીમાં અચલ, અડગ છે તે મહાન છે. 'મેરું રે ડગે જેનાં મનડાં ડગે નહીં' તે સંત છે, ભક્ત છે, સાધક છે, સંયમી છે. સારું, સાત્ત્વિક, બૌદ્ધિક, ચિંતનાત્મક વાંચન એ વિચારો પરનું નિયંત્રણ છે.

વ્યવહારમાં પણ મર્યાદા, સંયમ અતિ આવશ્યક બાબત છે. ગુરુ-શિષ્યના, મિત્ર-મિત્રના, મિત્ર-પડોશીના, નોકર-માલિકના સંબંધોમાં પણ સંયમ અનિવાર્ય છે. વર્તનમાં સંયમ ન હોય તો 'ગેરસમજ' કે 'અવ્યવસ્થા'ને જન્મ આપે



છે. સંયમ વગર સંસ્કૃતિનું મંડાણ નથી. સ્વયં સ્વીકારેલી મર્યાદા એ શ્રેષ્ઠતમ સ્વાધીનતા છે. સંયમથી વિશ્વાસ કેળવાય છે.

સંયમ સાથેની સંસ્કૃતિ અમર છે. સંઘર્ષ અને આક્રમણ સામે ટકી રહેવાનું બળ આપે છે. સંયમ વિનાનું સુખ વિનાશકારી છે.

સંયમથી ચારિત્ર્ય ખીલે છે, સત્ય જળવાય છે, સ્વાસ્થ્ય ટકી રહે છે, આત્મબળ વધે છે, સાધનામાં એકાગ્રતા સચવાય છે. જીવનમાં એક પ્રકારની સરળતા પ્રાપ્ત થાય છે. મનની શક્તિ ઈશ્વર પરાયણ બને છે. સાધક માટે તો આ અનિવાર્ય તત્ત્વ છે. આજના છલકાતાં ભૌતિક સુખો વચ્ચે જીવનને સરળ બનાવવાનું અમોઘ શસ્ત્ર આ સંયમ છે.

સાધના શિબિરો દ્વારા, સાધકને આ સંયમનું શિક્ષણ અપાય છે. ગુરુની આજ્ઞા, ઉપદેશ, આદેશ દ્વારા સંયમ કેળવી શકાય છે. સંયમજ સર્વ સુખનું સાધન છે, સાધક માટે.

## સુધારો

અધ્યાત્મના સપ્ટે. ૧૯૮૫ના પાના ૪૧ ઉપર વિશ્રામગૃહને મળેલી સહાયની યાદી છાપી છે. તેમાં રૂા. ૨૫૧-૦૦ શ્રી રાજેશભાઈ દયાળજીભાઈ પૂજારા ગાંધીનગરના છપાયા છે, તે ભૂલથી સહાય યાદીમાં છપાયા છે. તેઓ ખરેખર તો અધ્યાત્મના આજીવન સભ્ય બન્યા છે.

# જગન્નાથપુરીની યાત્રાની સાથેસાથે....

ગોરધનભાઇ કલોલા

તા. ૧૧-૭-૮૫ (હપ્તો બીજો)

સવારે નાગપુર સ્ટેશન આવ્યું છે. સૌ પૂ. માનાં દર્શન માટે આતુર છે. ત્યાંજ પૂ. માનો સંદેશો આવે છે મા સૌને બોલાવે છે. સૌ ક્રમશઃ પૂ. માનાં દર્શન કરે છે અને કપુરાથી આવેલા હાંડવાનો પ્રસાદ સૌને આપે છે. મારી આગળ બાપજી છે. પૂ. મા બાપજીને ત્રણચાર હાંડવાના કકડા આપતાં કહે છે "જો જો મોટો કટકો તમારે ખાવાનો છે, બીજા નાના છે તે બીજાઓને આપજો." પૂ મા ખૂબ પ્રસન્ન દેખાય છે, સૌને વાત્સલ્યથી નવરાવતાં જાય છે અને પ્રસાદની કૃપા કરતાં જાય છે. આખરે સવારનાં દર્શન વંદનનો કાર્યક્રમ પૂરો થાય છે. ગાડી આગળ ચાલે છે. ગાડી પણ જાણે ધીમે ધીમે એટલા માટે ચાલે છે કે પૂ. માનું સાન્નિધ્ય વધુ સમય માણવાનું મળે ! ખરૂં જોઇએ તો જડ જેવું કંઈ છેજ નહિ, બધુજ ઈશ્વરમય છે.

એક પરમ સંતૃપ્તિનો આનંદ અનુભવાયો. પૂ. માના મુખેથી 'છોકરો' સંબોધન સાંભળી પરમાનંદ થયો. એવી મનમાં ઇચ્છા ખરી કે મા ક્યારે લાડકવાયુ સંબોધન કરી બોલાવે ? માએ એ ઇચ્છાની પણ પૂર્તિ કરી. દુર્ગ સ્ટેશન પર ગાડી થોડીવાર રોકાઈ ત્યારે દર્શનાર્થે જવાનું થયું. પૂ. માએ પૂછ્યું : "ખાધું કે જમ્યા ?" મેં કહ્યું : "મા બન્ને કર્યું."

માએ તુરતજ કહ્યું : 'કેવો ડાહ્યો છોકરો !' સાંભળતાંજ અંતરમાં આનંદનું મોજુ ફરી વળ્યું "હે મા, તમારા



છોકરા થવાની થોડી ઘણી પણ લાયકાત આપજો."

રાત્રે ફર્સ્ટ ક્લાસના ડબામાં સારો સત્સંગ થયો. શ્રી પ્રભુભાઇ હળવદિયાએ સત્સંગમાંથી પાછા ફરતાં કહ્યું : 'અમે વૈકુંઠમાં જઇ આવ્યા. પૂ. માએ એ સત્સંગની બેઠકમાં પોતાની દિવ્ય અનુભૂતિઓની પણ વાતો કરી. એ રાતે પૂ. માનાં દર્શન અમને થઇ શક્યાં નહીં.

તા. ૧૨-૭-૮૫ કલકત્તા.

ગુરુદેવ પરમાત્માની કૃપાથી કોઇપણ જાતની મુશ્કેલી વિના કલકત્તા આવી પહોંચ્યા. પ્રભુની કૃપા તો જુઓ. સ્ટેશન પર પૂ. માને લેવા માટે મોટર આવી હતી. કોઇ પૂર્વ પરિચય વિના આમ થયું હતું.

વળી ભર ચોમાસુ હોવા છતાં વરસાદ ન હતો. સ્ટેશનથી ઉતારા ઉપર સંકીર્તન કરતાં કરતાં મેટાડોરમાં નિર્વિઘ્ને પહોંચી ગયા. ઉતારો પણ ગુજરાત વૈષ્ણવ સમાજ લક્ષ્મીનારાયણના મંદિરમાં ખૂબ સુંદર મળી ગયો. પ્રભુકૃપાથી જાણે બંધુ ક્લીયર-ક્લીયર થઇ ગયું.

લાંબી યાત્રાનો થાક પણ પ્રભુકૃપાથી લાગ્યો નથી. ઉતારામાં ગોઠવાયા પછી પૂ. માએ સત્સંગની બેઠક બોલાવી. પ્રભુકૃપાથી સુખરૂપ કલકત્તા પહોંચાયું તેથી પૂ. મા ગદ્ગદ્ કંઠે ભાવવિભોર બની પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યાં.

"શ્રીયોગેશ્વર ભગવાન,
એ છે મારા જીવનના આરામ,
કરૂં છું એને ચરણે કોટિ પ્રણામ—જી."

વળી તે પછી સ્વામી બ્રહ્માનંદજીનું "દિલાદે ભીખ દર્શન-

ફી " પણ પૂ. માએ ગાયું. પછી તેઓએ કહ્યું. મહાત્મા શ્રી યોગેશ્વરજીની કૃપાથી આટલા સુધીની આપણી યાત્રા સરસ રીતે પૂરી થઇ છે. કશી તકલીફ પડી નથી. એ બધી બાજી સંભાળે છે, પછી આપણે શા માટે ચિન્તા કરીએ ? જુઓ તો ખરાં, ત્રીસ યાત્રિકો જેટલી મોટી સંખ્યા હોવા છતાં કોઇને કશીજ મુશ્કેલી પડી નથી. ઉતારો પણ ઉત્તમ મળી ગયો. " પૂ. માએ ફરીથી પ્રભુનો આભાર માન્યો. ઉતારામાં સહુ ગોઠવાયા પછી પૂ. મા દરેકની ખબરઅંતર કાઢવા રૂમોમાં પણ પહોંચી ગયાં. બધાંને સુખપૂર્વક ગોઠવાયેલાં જોઇ, પ્રસન્ન થયાં.

બપોરના સમૂહ ભોજનનું દશ્ય, ભક્તોના સ્નેહમિલન જેવું હતું. પૂ. માને તે બહુ ગમ્યું. પૂ. માએ સૌને પોતાના હાથે પ્રસાદી પીરસી. અરે ! પૂ. મા સૌને જાતજાતનો પ્રસાદ આપતાં જાય, અને બધાં પ્રસન્નતાથી ખાતા જાય. આજે પકવાન, કેરી અને ખાખરાનો પ્રસાદ સૌને આપ્યો. પૂ. માના તો ઉપવાસ એકધારા ચાલે છે, પરંતુ છોકરાઓ જમે ને જાણે સંતોષ અને આનંદનો ઓડકાર પૂ. માને આવ્યો, એવું લાગ્યું.

લગભગ ૪-૩૦ વાગે પૂ. મા અચાનક રૂમમાં આવ્યાં. પૂ. માને રૂમમાં આવેલાં જોઇ, સૌ પોતાનાં કામ પડતાં મૂકી પૂ. માની આસપાસ ગોઠવાઇ ગયા. પૂ. માએ બે વ્યહવારૂ સૂચનો કર્યાં.

૧. યાત્રામાં નીકળ્યા છો તો શરીર સારી રીતે સાચવવું, જેથી આપણે પણ સારી રીતે યાત્રા કરી શકીએ અને સાથેના બીજાઓને પણ મુશ્કેલીમાંથી ઉગારી શકીએ. પૂ. મા એ આ વાત એ સંદર્ભમાં કરી કે કેટલાક યાત્રીઓ ગાદલા વિના



નીચે સૂવા ઇચ્છતા હતા. પરંતુ પૂ. મા એ કહ્યું કે ગાદલાંની સગવડતા અહીં છે તો તેનો ઉપયોગ કરવો; કારણ કે અહીં ઋતુ ભેજવાળી છે. એથી ગાદલું વાપરવું સારૂં. સૌએ પૂ. માની સૂચનાનો અમલ કર્યો. ગાદલાં મંગાવી લીધાં.

૨. બીજું વ્યવહારમાં બહુ ચોખ્ખા રહેવું. જે જે સમૂહ ખર્ચ થાય તે તુરતજ ચૂકવી આપવો. તેમાં જરાય વિલંબ કરવો નહિ; જેથી ઘણા ગોટાળાઓમાંથી બચી શકાશે. પૂ. ગુરુદેવની વ્યવહારશુદ્ધિ પૂ. માએ પણ નખશીખ અપનાવી લીધી છે. સમૂહજીવનમાં કેવી વ્યવહાર દક્ષતા રાખવી તે પૂ. મા પ્રસંગોપાત્ શીખવતાં જાય છે.

સાંજે છ વાગ્યા પછી ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની સુભાષચંદ્રબોઝનું જન્મસ્થાન જોવા ગયા. સમય પૂરો થતો હોવાથી બીજા દિવસ ઉપર એ સ્થાન જોવાનું રાખ્યું. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ આ સ્થાનની મુલાકાત લીધેલી, તે પૂ. માએ યાદ કર્યું. એ સ્થળ સુધી પૂ. મા સહુ સાથે પગે ચાલીને નીકળ્યાં. કમ્પાઉન્ડમાં પડેલી શ્રી સુભાષચંદ્રબોઝની જૂની મોટરકારનાં દર્શન કરી, ભારતમાતાના એ વીર પનોતા પુત્રની સ્મૃતિ તાજી કરી, એમને મનોમન અંજલિ આપી. ત્યાંથી ઉતારા ઉપર પાછા આવ્યા ત્યારે લક્ષ્મીનારાયણના મંદિરની આરતી ચાલુ હતી. પૂ. મા કમ્પાઉન્ડમાંજ ઊભાં રહી લક્ષ્મીનારાયણનાં દર્શન કરતાં રહ્યાં. અહીં પણ પૂ. માએ આવાં દર્શન આરતી વખતે પવિત્રતા કેમ જાળવવી તેની ઝાંખી કરાવી. પોતે મંદિરના કમ્પાઉન્ડમાં દૂર ઉભેલાં હોવા છતાં પગમાં પહેરેલાં ચપ્પલ નજીક ઉતારી ખુલ્લે પગે દર્શન કરતાં રહ્યાં, જ્યારે બીજા ઘણા લોકો મંદિરના કમ્પાઉન્ડમાં ચપ્પલ પહેરીને આરતી વખતે ઊભા હતા.

પૂ. માનું જીવન, વ્યવહાર, કાર્ય અને વર્તન–બધામાંથી એક આદર્શ પવિત્ર જીવન વ્યવહાર પ્રગટ થાય છે. અને સૌને માટે સાધનાત્મક જીવનનો પદાર્થપાઠ પૂરો પાડે છે. આરતી વખતે મનમાં એવા વિચારો સહજ ઉઠ્યા કે લોકોનું ધ્યાન મંદિરો બાંધવામાં, તેને શણગારવામાં, મૂર્તિઓને જાતજાતનાં આષભૂણોથી લાદી દેવામાં ઇતિકર્તવ્યતા માને છે. પરંતુ એજ મૂર્તિઓ જ્યારે માનવદેહ ધારણ કરીને સમાજની વચ્ચે વિહરે છે, તેની ભયંકર ઉપેક્ષાઓ થતી જોવા મળે છે. એ જીવંત મંદિરો તરફ કોઇનું લક્ષ જતું નથી. જો લોકોનું ધ્યાન આવા સાચા સંત પુરુષો તરફ વળે તો મૂર્તિઓ કરતાં લોક કલ્યાણ કરવાની અદ્ભુત સમર્થતા તેઓ ધરાવતા હોય છે. પૂ. ગુરુદેવ અને પૂ. મા આવી ભાગવતી સમર્થતા, પવિત્રતા, તપોનિષ્ઠા ધરાવતાં હોવા છતાં, તેમની તરફ નહિવત્ લોકોનું ધ્યાન જતું દેખાય છે. આ કેવી કરૂણતા છે! જે પરમ શક્તિને મંદિરો ને દેવળોની પ્રતિમામાં લોકો પૂજે છે, તેજ પરમ શક્તિ જ્યારે માનવ-દેહધારણ કરી સમાજના લોકો વચ્ચે આવીને જીવે છે, ત્યારે કોઇક ભાગ્યશાળી જીવો સિવાય એમને સામાન્ય લોકો ઓળખતાજ નથી. માનવ સમાજનું આ ભયંકર દારિદ્રય કહેવાય. પ્રભુની લીલા ખરેખર અદ્ભુત છે. એની માયાનો પાર–એની અગર સંતોની કૃપા સિવાય પામી શકાતો નથી. “હે મા, હે ગુરુદેવ, અમને પ્રભુની એ માયાનો પાર પામવાની કે પ્રભુની એવી લીલાઓ સમજવાની સદ્બુદ્ધિ ને શક્તિ આપતા રહેજો–એજ પ્રાર્થના છે.”

આરતી પછી ઉતારા ઉપર આવ્યા તો લીફ્ટ બંધ હતી. પૂ. મા તુરતજ સડસડાટ ત્રણ દાદર ચઢી ગયાં! ચારસો પચાસ કરતાં વધારે ઉપવાસો છતાં એમણે સહેજ પણ થાક



ન અનુભવ્યો; જ્યારે અમે હાંફતા હાંફતા પાછળ રહી ગયા. પૂ. માની અદૃષ્ટ શક્તિને વંદી રહ્યા.

સાંજના સત્સંગની શરૂઆત પૂ. માની આજ્ઞા મુજબ, “દિલાદે ભીખ દર્શનકી” એ ભજનથી થાય છે. પૂ. મા કહે છે પ્રભુ પાસે રોજરોજ દર્શનની ભીખ માગતા રહેવું. ક્યારેક પ્રભુને દર્શનો ટુકડો આપવાની ઇચ્છા થઇ જશે.

પૂ. માએ આજે બે નવાં ભજનો ગાયા છે. શબ્દો છેઃ– હરિનામ સુમર સુખ કારન હૈ, અને વૃંદાવન કુંજ ભવન નાચત ગિરિધારી.” ભજન ગાતી વખતે પૂ. મા પ્રભુ સાથેની એકાગ્રતા અને તન્મયતાને લીધે જાણે ભાવસમાધિમાં ડૂબેલાં લાગે છે. પૂ. મા આજે શ્રી શાન્તિભાઇ કનેરિયાને શ્રી રામ-કૃષ્ણદેવની વાતો સંભળાવવાનું કહે છે.

શ્રી શાન્તિભાઇ રામકૃષ્ણ કથામૃતના દિવ્ય વાર્તાલાપમાંથી શ્રી નાગ મહાશયના વૈરાગ્યની વાત કરે છે. પૂ. માએ એ વાર્તાલાપમાં પૂર્તિ કરતાં કહ્યું કે નાગમહાશયનો ભાવ એવો કે પ્રસાદની સાથે તેઓ પતરાળી પણ આરોગી જાય. શ્રી ઈશ્વરભાઈ આજે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીની વાત કરે છે. કબીરજી સાથેના તેમના જીવનના સામ્ય પ્રસંગોની પ્રેરણાદાયી વાતો કરે છે. બન્ને મહાપુરુષોએ સમાજના નીચલા થરને પણ સાથે લીધો હતો, તે વાત કરી.

પૂ. મા આજે શ્રી ચંદ્રકાન્તભાઈ (પંડ્યા)ને યાદ કરે છે. ધ્યાનમાં તેઓને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના બાળસ્વરૂપનાં દર્શનનો અનુભવ થયો હતો, તે કહે છે. મારા અંતરના ભાવ સાથે અનુભવ સામ્ય ધરાવતો હતો તેથી મને ખૂબ ગમ્યો. પૂ. માએ કહ્યું, “પૂજ્યશ્રીનું બાલસ્વરૂપ મને ખૂબ ગમતું

અને એ સ્વરૂપને માથે હાથ ફેરવી વ્હાલ વરસાવવાની ઇચ્છા પણ મને થતી. આથી એક દિવસ મેં પૂ. ગુરુદેવને પૂછ્યું : "જેમને હું ગુરુદેવ–પ્રભુ માનું, તેમના ઉપર વળી બાળક તરીકે વાત્સલ્યભાવ વહાવવાની ઇચ્છા કેમ થતી હશે ?" પૂ ગુરુદેવે ખૂબ સરસ જવાબ આપ્યો : તમારા માતૃત્વ ભાવનો એટલો વિકાસ થયો છે–કે તમને ગુરુ કે પ્રભુ સૌ બાળકરૂપે દેખાય છે." પરમાત્મા પોતે માતૃ સ્વરૂપ ધારણ કરીને માના રૂપમાં અલૌકિક લીલાઓ કરી રહ્યા છે. અમારાથી તમારો પાર નહિ પામી શકાય. તમારી કૃપાજ સર્વ કાંઈ છે. તમારાં ચરણોમાં જન્મોજન્મ અવિચળ નિષ્ઠા આપજો. મનની તૃષ્ણાઓ અને વાસનાઓ બાળી થોડી પણ પાત્રતા આપજો. આજે મા શ્રી જીતુભાઇની પુરીની અને જગન્નાથપુરીની વાત કરી સૌને હસાવે છે.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા.

સંદિપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોઢી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.



## કંઠ ગયો સુકાઇ

મા, મારો કંઠ ગયો સૂકાઈ :
મા, મને સમજ પડે નહિ કાંઇ !

અથડાતો કૂટાતો વનમાં આવી ચઢ્યો અણજાણ !
પેસતાં વરુના ટોળા નીરખી ગભરુ બન્યો મુજ પ્રાણ !

મારી થર થર ધ્રુજે કાય :
મા મને સમજ પડે નહિ કાંઈ !

આથમણી ઉગમણી વાટો અહીંથી જુદી પડતી;
કયી ગમ જવું તેની મુજને ગમ જરા નહીં પડતી !

મારી મતિ ગઇ રે મૂંઝાઇ;
મા મને સમજ પડે નહિ કાંઇ !

દાંત પીસીને ઊભો જાણે ચોગરદમ સૂનકાર !
તમરાંની તીણી ચીસોથી ઘેરો બને અંધાર !

મારા ચરણ ચાલે ન જરાય :
મા મને સમજ પડે નહિ કાંઇ !

મિલન કરાવો પથભેદુનું અથવા તમે આવો !
મૂઢતા મારી હરણ કરીને મંગલ સૂર જગાવો !

મુજથી ઉભા નહિ રહેવાય :
મા મને સમજ પડે નહિ કાંઇ !

ઈશ્વરભાઇ ભક્ત

## ધંધા બંધુઓ

શ્રી રામ લક્ષ્મણ અને સતી માત સીતા,
આવ્યા પથે વહતી જાન્હવી જ્યાં પુનિતા,
જાવું હતું તુરત એ નદી પાર પેલે,
થોભ્યાં તટે ત્રણ જણા મીઠી સાંજ વેળે.

આવી ઉભો સમીપ કેવટ ત્યાં કિનારે,
પાદે પડ્યો ત્રિપુટીને બન્યું હૈયું ભારે,
પ્હેરેલ વલ્કલ થકી ઉર ગ્લાનિ ધારે,
પાદો પખાળી ત્રણના ખૂબ અશ્રુ સારે.

આવો તમે જરૂર છે મુજ હોડી નાની,
બેસો બધાં ગણી લઈ તમ હોડી માની,
હંકારતો હૃદયમાં અતિ હર્ષ માણી,
લલ્કારતો ગીત મીઠાં વદી ભક્તવાણી.

હું રાજનાવ રહી છું પ્રભુ સ્પર્શમાણી,
સૌને ભલે દીસતી હું ખુબ હોડી નાની,
એ તો મીઠું મલકતી થઈ હર્ષ ઘેલી,
હું તો તજું તમસને સરૂં વ્હેલીવ્હેલી.

ભાગીરથી વહતી હર્ષ ભરી સરિતા,
વાયુ ધરાય નહિ દૃશ્યનું પાન પીતાં,
ને સૂર્ય દૃષ્ટિ કુમળી બની શું ચકિતા!
હોડીમહીં નિરખતાં પ્રભુ સાથ સીતા.

લાવ્યો કિનારે નિજ નાવડી ખૂબ નાની,
બોલ્યો નહિ કરી હતી નિજ બંધ વાણી,



થોભાવીને તટ પરે નિજ નાવ એની,
હર્ષાશ્રુઓ સરી પડ્યાં ભીની આંખ તેની.

રામે કહ્યું ખરી મજુરી કરી છ મારી,
છૂટી પડી મફત આ મજુરીજ તારી,
આ વલ્કલો સજી અમે નિજરાજ છોડી,
આવ્યા, નથી કંઇજ રાખી કરેય કોડી.

નાણું નથી કરમહીં તુજને શું આપું?
ને ચૂકવાય મજુરી તણું તારૂં દાપું,
ભૂલ્યો હું તો જરૂર વીંટી સીતા કરે જે,
આપી દઉં ખુબજ હર્ષથી હું તને તે.

હું તો પ્રભુ અભણ છું નથી કાંઈ બોલ્યો,
છો સુજ્ઞ આપ મુજ ભાવ નહીં તોડચો?
ભૂલી ગયા જગતનું અમ સત્ય ન્યારૂં,
ધંધાર્થી ભાઈ ગણુતા નથી વિત્ત પ્યારૂં,

ધંધાર્થી બંધુ ગણીએ અમ ખૂબ પ્યારા,
સેવા થકી ગણી લીએ સ્વજનો હમારા,
ધંધો જત્રે પ્રભુ ખરે અહીં આપનો જે
મારો જ આ જગતમાં નિજ એજ છે તે.

આ નાવથી સરવને લઉં તે કિનારે,
ને આપની પ્રભુ કૃપા ભવ સિંધુતારે,
ધંધાર્થી બંધુ ગણું છું પ્રભુ હું તમોને,
એ તેથી નાણું મુજને નહિ કંઈ ખપે રે.

વીંટી થકી ખુબજ શોભતી અંગુલિ આ,
માતા સીતા કર પરે રહે શાશ્વતી આ.
ડગ્યો નહિ કેવટ એ નિજ નિશ્ચયેથી,
લીધી વીંટી નહીં કરે પ્રભુને કરેથી.

પાદે પડ્યો ખૂબ ખુશી થઈ પ્રેમથીએ,
કૃતાર્થ આજે નિજ જાત માની લહે એ.
લાગે જ છે પાંગર્યું પુણ્ય બધુંય એને,
આ પાર આપ ધરી કાળજી ઉતરોને.

પ્હોંચાડી દો છો જગના જન મુક્તિદ્વારે,
પ્હોંચાડજો પ્રભુ મને ભવને કિનારે.
જાણો પ્રભુ જગતમાં હું છું ભક્ત ન્યારો,
થાજો સફલ આ મુજ જન્મ મારો.

પ્રપન્નલાલ કાજી



## ઘર જાવાના

અમે અમારે ઘર જાવાના :
'હાશ' કહી સુખિયા થાવાના.
અમે અસલ અમ ઘર જાવાના !

કેટ કેટલો કાળ સહારે
સરાઈ વ્યર્થ ગુમાવ્યો !
આશય આ જીવતરનો અન્તે
લેશે બર ના આવ્યો !

પ્રવાસને આટોપી અધવચ
મુક્તાનંદે ગીત ગાવાના
અમે અમારે ઘર જાવાના.

વિશ્વ-પિતાના ઘરમાં ખેલ્યા
પંચભૂતને દેવળ !
માયા-આવરણે નિજ માન્યાં
પામ્યા અવ અસલી ઘર :
શોક-મોહના પરા ઉપરણા !
દેવ-વૃંદ વધાવાના !

'હાશ' કહી સુખિયા થવાના
અમે અમારે ઘર જાવાના
અસલી અમારે ઘર જાવાના !

ડો. રણજિત પટેલ. (અનામી)

## ગાવું પેલે પારનું ગાણું !

આ પારનું નહીં, ગાણું પેલે પારનું ગાવું;
સામે પાર જાવું મારે ઓલે પાર જાવું !—ટેક
(અંતરો)
મોહમમતા બાંધી રાખે, ગળે પાશ પૂરો નાખે;
ફંગોળી એ બંધન મારે સામે પાર જાવું !
—આ પારનું૦...
સંસારનો કંસાર મીઠો, પ્હણે અમૃતથાળ દીઠો;
તરીને પ્રવાહ પ્રબળ પેલે પાર જાવું !
—આ પારનું૦...
જળના છો લોઢ મોટા, ઊંડળે એ બને છોટા;
ઊંધાચત્તા તરતાં મારે ઓલે પાર જાવું !
—આ પારનું૦...
કળણ ઊંડું ઊતરું, ને વમળ કરું સૂતરું;
મગરમચ્છ વળોટી મારે સામે પાર જાવું !
—આ પારનું૦...
શાન્તાનુકૂળ મને સંસારી પ્રવાસ બને;
ગોકુળિયું વ્હાલું, મારે પેલે પાર જાવું !
—આ પારનું૦...
ઉબડખાબડ કાંઠો ભલે, ઉપરિયાળ ભાઠો જલે;
કદંબનાં ડાળ ઝાલી ઓલે પાર જાવું !
—આ પારનું૦..
સંસારે પસ્તાઈ મરી, સરિતાને તરી કરી;
શ્યામ હસ્તે ઝિલાવાને સામે પાર જાવું !
—આ પારનું૦...

—ડૉ. અશ્વિન પટેલ



## કૃપાનું કિરણ

એક માગું છું બસ એક માગું છું,
કૃપાનું કિરણ બસ એક માગું છું.

આસપાસ અંધાર વ્યાપી છે ગયો,
સૂર્યનો કિરણ પૂરો અસ્ત છે થયો,
જાણું ના કે છાયા મહીં ક્યાં હું ભાગું છું. કૃપાનું.

બીન બધા બંધ બન્યાં વાગતાં નથી,
તાર ના સંધાય હવે થાક્યો છું મથી,
શ્રદ્ધા ભરી, આશ લઈ હું જ વાગું છું. કૃપાનું.

તમારો ભંડાર કદી ખૂટતો નથી,
માગી રહ્યો કોડી માત્ર આજ હું અહીં,
વારંવાર પ્રાર્થું તો ના ઠીક લાગું છું. કૃપાનું.

વરસો એકાદ બિન્દુ, તોય ચાલશે,
પ્રાણ મારો ધન્યતામાં નિત્ય મહાલશે,
તમારાજ પ્રેમ-જગે રોજ જાગુ છું. કૃપાનું.

યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

# 'પ્રકાશના પંથે'

સંક્ષેપઃ–પરમાર્થી

તા–૧૪ ઓક્ટોબર ૧૯૪૭ની ભાદ્રપદની અમાવાસ્યાની એ ધન્ય, અમર રાત !

તે દિવસે સાંજે હું શાંતાશ્રમના ઉપલા ખંડમાં બેઠેલો. ભગવાન રામ, કૃષ્ણ, હનુમાન, બુદ્ધ, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ સૌની તસ્વીરો ખંડમાં શોભી રહેલી. એમને અવલોકતાં હું ઊંડા વિચારમાં લીન બનેલો. મનમાં મારા કાર્યની ચિંતા હતી. પરમ શાંતિની પ્રાપ્તિ કરવી છે એ તો ચોક્કસ. આ અવનીમાં આવીને એક અજ્ઞાત પ્રવાસીની પેઠે પસાર થઇ જવું નથી પરંતુ પૂર્ણતાની પ્રાપ્તિ કરીને સર્વત્ર પરમાત્માના પાવન પ્રકાશને પ્રસરાવવો છે. પરંતુ એ બધું ક્યારે બનશે ? વખત વીતતો જાય છે. પુરુષાર્થ ચાલુ હોવા છતાં હજુ પ્રખર પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે. એવા એવા વિચારોમાં રાતનો કેટલો વખત વહી ગયો તેની ખબર ના પડી. છતાં પ્રાર્થના તો ચાલુ જ હતી : "હે પ્રભુ, હે જગદંબા, હવે તો કૃપા કરો. તમારા બાળકની મનોકામના પૂર્ણ કરો. માતાપિતા જેમ બાળકના ગુણદોષને જોતાં નથી પરંતુ તેને પોતાનો ગણે છે તેમ મને પણ અપનાવો અને શાંતિ આપો."

ત્યાં તો અજબ ભાવાવેશ થઇ આવ્યો. મારી આંખ પ્રેમાશ્રુથી પલળવા લાગી. કોણ જાણે કેમ પણ એ વખતે મને અચાનક લાગ્યું, જાણે કોઈએ કહ્યું, કે મા જગદંબા જ મારી ઇષ્ટ છે, ને બીજા કોઇની કૃપા માટે તલસવાને



બદલે માની જ કૃપા માટે તલસવું જોઇએ. તેની કૃપા સિવાય શાંતિ નહિ સાંપડે. એને માટે વિલંબ કરવાની જરૂર નથી. કાલથી જ નવરાત્રિનો આરંભ થાય છે. માની પૂર્ણ કૃપા માટે જ તલસવાથી મા જરૂર કૃપા કરશે ને કૃતાર્થતા ધરશે.

મને ઈ. સ. ૧૯૪૩માં ઋષિકેશમાં મળેલા પેલા ત્રિકાલજ્ઞ મહાત્માના શબ્દોનું સ્મરણ થયું. એમણે પણ જગદંબાને ઇષ્ટ બનાવવામાં નહિ આવે ત્યાં સુધી શાંતિ નહિ મળે એવું જણાવેલું. મારે માટે એ જ માર્ગ છે. મોડી રાતે દીવો કરીને મેં મારા નિર્ણયને લિપિબદ્ધ કર્યો : "હે મા, જ્યાં સુધી તમારી ધારેલી કૃપા મારા પર નહિ ઉતરે ત્યાં સુધી હું આ સ્થાનમાંથી ક્યાંય જઇશ નહિ અને અન્ન લઈશ નહિ. ઉપવાસ કરીશ."

બીજા દિવસથી એ સાધનાત્મક મંગલમય મહાનવ્રતનો આરંભ થયો. સવારે સ્નાન કરવા માટે નીચે આવતો ત્યારે પર્વતોની વચ્ચેના ખુલ્લા પ્રદેશના વિશુદ્ધ વાયુમંડળમાં થોડોક વખત માનું સ્મરણ કરતાં શાંતિપૂર્વક પ્રેમથી પરિપ્લાવિત બનીને બેસી રહેતો. બાકીનો બધો વખત મારા એકાંત શાંત સાધનાખંડમાં જ બેસીને પસાર કરતો. માનાં દર્શનની લગની ઘણી ભારે હતી. રોમરોમ જાણે કે એને માટે રડી તથા તલસી રહેલું. એકેક દિવસ પસાર થતો તે યુગ જેવો લાંબો લાગતો. પ્રત્યેક પ્રભાતે માના મધુમય મુખમંડળના દૈવી દર્શનની કામનાથી પ્રેરાઈને અભિનવ આશા અને અસાધારણ ઉત્સાહને ધારીને અનંત શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને બેસી રહેતો. સવારે સ્નાન કરતી વખતે ને સાંજે પાંચ પાંચ ઘુટડા પાણી પીવાનો મેં ક્રમ રાખેલો. દિવસ દરમિયાન એટલા જ પાણીના સેવનથી સંતોષ માનતો.

નવરાત્રિના આરંભમાં એક બ્રાહ્મણ કુટુંબે મારા વ્રતની વાતને જાણીને ફળાહાર માટે ઉપયોગમાં લેવા પેંડા બનાવીને મોકલ્યા. ઉપવાસના ચોથા દિવસે એક વેપારી ભાઈ ફળ તથા મીઠાઇ લઈને આવી પહોંચ્યા. તે બધું એમને એમ પડી રહ્યું. વસ્તીથી દૂર એટલે કોઈ મુલાકાતી પણ આવતું નહિ. પરિણામે કેટલીક સામગ્રી બગડી ગઈ ને નાંખી દેવી પડી. થોડીક સારી રહી શકેલી એનો ઉપયોગ અનશન વ્રતની પરિસમાપ્તિ પછી હું કરી શક્યો હતો. ખાદ્ય પદાર્થો પાસે હોવા છતાં એવી રીતે વ્રતને ચાલુ રાખવાનું કામ કઠિન હોય છે. માના અલૌકિક અનુગ્રહ વિના એ ભાગ્યે જ બની શકયું હોત. નવ દિવસ સુધી મારે ભયંકર સંકટ સહેવું પડ્યું. ભીષણ વેદના વેઠવી પડી. શરીરને સમર્પવું પડે તો સમર્પવાની મારી તૈયારી હતી. પરંતુ માએ મારા પર અનુગ્રહ કરીને પોતાનો પરચો બતાવ્યો.

તા.-૨૫ ઓક્ટોબર શનિવારે વહેલી સવારે એક અલૌકિક શાંતિપ્રદાયક અનુભવ થયો. બ્રાહ્મમુહૂર્તમાં વહેલો ઉઠીને હું પ્રાર્થના અને ધ્યાનમાં બેઠો કે તરત જ મારું શરીરભાન ભૂલાઈ ગયું. શરૂઆતમાં બે અસાધારણ સૌંદર્યવતી સ્ત્રીઓ દેખાઈ. થોડાક વખત પછી તે અદૃશ્ય થઈ અને એમને બદલે ત્રણ વામન જેવા સનકાદિઋષિવર હોય એવા બાળકો દેખાયા. મેં એમને જણાવ્યું કે તમે સ્વયંસિદ્ધ છો. મને રિદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્ય, અષ્ટસિદ્ધિ, નવનિધિ આપો. ભારતને મારી દ્વારા મદદ કરો. સૃષ્ટિમાં શાંતિ સ્થાપો.

એમણે કહ્યું કે તથાસ્તુ. રિદ્ધિ સિદ્ધિ સહુ પ્રાપ્ત હો. બધી ઇચ્છા પૂર્ણ હો. તમારી કૃપાસિદ્ધિ હો. તમને ખૂબ ખૂબ મંગલ યશ હો.



અને એ અદૃશ્ય થઈ ગયાં.

પરંતુ એટલા અનુભવથી જ મને સંતૃપ્તિ થાય તેમ ન હતું. મારે તો માના મધુર મુખમંડળને નિહાળવું અને એની કૃપાની સુધામયી સરિતામાં સ્નાન કરવું હતું. એટલે મેં માના મંદિર દ્વારે પ્રેમપોકાર ચાલુ રાખ્યો. "મા, હવે એકની એક કમભાગ્યની કથની લખીને વેદનાને વ્યક્ત નહિ કરું. હવે તો આ પાર કે પેલે પાર. શરૂ કર્યું જ છે તો આમ અધવચ્ચેથી ખાલી હાથે નિરાશ થઇને પાછો નહિ જ ફરું." ઉપવાસની વચ્ચેના દિવસોમાં મેં પાણી લેવાનું પણ છોડી દીધું. દિવસરાત એક જ આસને બેસીને પ્રાર્થવાનું ચાલુ રાખ્યું. એ દરમ્યાન એક રાતે માએ કહ્યું કે પાણી પીઓ. એકાદ બે દિવસમાં આવું છું. એથી મેં પાણી લેવાનું શરૂ કર્યું, પરંતુ પાંચ ઘુટડાથી વધારે પાણી ના લેવાનો નિર્ણય કર્યો.

એ દિવસોમાં આંતર જગતમાં ભજનોની સુંદર પંક્તિઓ સંભળાતી. એવી કેટલીક પંક્તિઓ પરથી મેં ભજનો લખ્યાં. કેટલાક સદુપદેશ સાંપડતા તેમને મેં લિપિબદ્ધ કરી લીધા. કેટલાક નવા મંત્રો પણ મળતા. અપરિચિત સ્વનામ ધન્ય સિદ્ધ મહાત્માઓનાં દર્શન તો અવારનવાર થતાં. તે દિવસોમાં માએ સંભળાવેલી પેલી સુંદર પંક્તિઓ આજે પણ યાદ છેઃ–

તુમ બિન રહ ના શકું કભી મૈં,
તુમ તો મેરે ભૂપ,
પાગલ મેરે સ્વરૂપ, પાગલ મેરે સ્વરૂપ, પાગલ મેરે સ્વરૂપ.

દિવસો અત્યંત આતુરતાપૂર્વક પસાર થતા. જગદંબાના દિવ્યદર્શનનો લાભ મળે કે એની સુસ્પષ્ટ બાંયધરી મળે તો

જ અનશન વ્રતનો અંત આણવો એવો મારો નિશ્ચય હતો. દિવાળી અનશન વ્રતમાં વીતી ગઈ. તારીખ ૧૩ નવેમ્બરે ગુરુવારે નૂતન વર્ષ હતું. તે દિવસે સવારે હું શાંતાશ્રમમાં બેઠેલો. શરીર ખૂબ જ કૃશ અને નિર્બળ બની ગયેલું. અનશન લાંબુ ચાલેલું. શું કરવું તે નહોતું સમજાતું. શરીર છૂટી જાય તો ભલે પણ સફળતા સિવાય અનશનનો અંત ના આણવાનો નિર્ણય તો હતો જ. ત્યાં તો જગદંબાના સૂક્ષ્મ સુમધુર સુધાસભર સ્વર મારા શ્રવણ પટ પર અથડાયા : "અભી કુછ દિન યોગાભ્યાસમેં ઔર લગો."

મને આશ્ચર્ય થવાથી મેં પૂછ્યું : "કુછ દિન રોક લો ?"

"નહિ, ઔર લગો."

"કુછ દિન રોક લો ?"

"નહિ, નહિ. મૈં કહાં કહતી હું કિ રોકલો ? અભી યોગાભ્યાસમેં કુછ દિન ઔર લગો."

માનું સ્વરૂપ નહોતું દેખાતું પરંતુ એના સુખદ સુધાસભર શબ્દો સારી પેઠે સંભળાતા.

નૂતન વર્ષના મંગળ દિને પાવન પ્રભાતે માએ એવી રીતે મારા પર જાગૃતિ-અવસ્થામાં અલૌકિક અનુગ્રહ કર્યો. એથી મને થયું કે મારા પર માની કૃપાદૃષ્ટિ છે અને એ મારું ધ્યાન રાખે છે. તો પણ મને શાંતિ ના થઇ. જે સ્થાનમાં મેં આટલું બધું સહન કર્યું, એ સ્થાનમાં અને અત્યારે જ મારે તો માનું દર્શન જોઇએ. યોગાભ્યાસ કરીને મારે શું કરવું છે ? યોગાભ્યાસથી જે મળે છે તે તો માના કૃપા કટાક્ષે સત્વર સાંપડી શકે છે. છતાં માએ યોગાભ્યાસ કરવાનું કેમ કહ્યું ? યોગાભ્યાસ માના દર્શનથી ઉત્તમ તો નથી જ. કે પછી



એવું કહીને મારી નિષ્ઠા, સમજ અને સંકલ્પ શક્તિની કસોટી કરવામાં આવે છે ? તે રાત્રે એક સુંદર સ્ત્રીનું દર્શન થયું. એણે માના દેવદુર્લભ દિવ્ય દર્શનનો આશીર્વાદ આપીને જણાવ્યું કે નવમી તારીખે તમને માનું દર્શન થશે. તે વખતે તમે શંકરના કોઇ સ્થાનમાં હશો. એથી મને અધિક આનંદ થયો.

બીજે દિવસે તા. ૧૪મી નવેમ્બરે મધ્યરાત્રિ પછી એ અલૌકિક અવસર ઉપસ્થિત થયો. તે દિવસે ભાઇબીજ હતી. હું અનુરાગમાં ઓતપ્રોત બનીને આસનવાળીને બેઠેલો. ત્યાં તો મારી અવસ્થા એકાએક-અનોખી થવા માંડી. આપોઆપ મને સમાધિ થાય અને પાછું આપોઆપ ભાન આવે એવું આશરે એકાદ કલાક ચાલ્યું. એની સાથે જાગૃતિદશા દરમિયાન માનું દર્શન થયું. માનું દર્શન અલૌકિક હતું. રેશમી જેવા સુંદર વસ્ત્રોમાં માના શરીરની શોભા અતિશય આહ્લાદક અને અવર્ણનીય લાગતી. માએ મારા શરીર પર વારંવાર હાથ ફેરવીને કહ્યું : "સર્વે કાંઇ મળી ગયું. હવે સંકલ્પમાત્રથી જ સિદ્ધિ રહી." મારી પીઠ પર હાથ મૂકીને કહ્યું : "તમારો કુંડલિનીનો માર્ગ મેં ઠીક ઠીક કરી લીધો છે. હવે ચિંતા ના કરશો."

માના એ મંગળ, મધુમય, દૈવી દર્શનના આનંદને અક્ષર દેહમાં કેવી રીતે અંકિત કરી શકું ? એની આવશ્યકતા પણ ક્યાં છે ? અને ભાન આવે ત્યારે મા દેખાય ને મારી સાથે વાતો કરે. તે પછી થોડા જ સમયમાં મને સમાધિ થઇ જાય. વળી પાછું દેહભાન આવે ત્યારે માનું દિવ્ય દર્શન થાય, મારી કુટિર દેખાય ને પાછી સમાધિ થાય. એવો ક્રમ વારા ફરતી ચાલ્યા જ કરે. મારી આંખમાંથી આનંદની અસ્ખલિત

અશ્રુધારા નીકળ્યા જ કરે. ખૂબ જ કોશિષ કરું પરંતુ હાથ-પગ કે શરીર હાલે જ નહિ. ઊઠી શકાય જ નહિ. આસન અચળ બની ગયેલું. માએ મને ગુલાબ જેવાં સુંદર ફૂલોની મનહર માળા પહેરાવી ને બંને હાથે પણ માળા બાંધી. મને થયું કે મારું શરીર શું આવું ને આવું જ રહેશે ? શું મારાથી હવે ઊઠી બેસી કે હરી ફરી નહિ જ શકાય ? સવારે કોઇ મળવા આવશે તો ઓરડીની અંદરની સાંકળ પણ કોણ ઉઘાડશે ? એવી પ્રેમમગ્ન ભાવમસ્ત સમાધિનિષ્ઠ અલૌકિક અવસ્થા વિષે મેં સાંભળેલું ને વાંચ્યું હતું. એવી અલૌકિક અવસ્થાને અનુભવવાની ઇચ્છા મને પણ થયા કરતી. એના અનુસંધાન-માં માએ જાણે કે આ અનુભવ આપીને જણાવ્યું કે જો, આ અવસ્થાનો આસ્વાદ પણ લઇ લે ને નક્કી કરી દે કે આ જ અવસ્થામાં કાયમ માટે રહેવું છે કે કેમ! મને થયું કે આવી અવસ્થા કાયમ માટે સારી નથી. ભાન તો જોઇશે જ, ને ભાન રહે તે આવશ્યક અને આશીર્વાદરૂપ પણ છે. જાગૃતિમાં આવશ્યક કર્માનુષ્ઠાનોને કરતાં કરતાં પણ મન જગદંબાની આજુબાજુ જ રમ્યા કરે ને નિર્લેપ રહે એ વધારે સારું છે.

જ્યારે હાથપગ હાલ્યા, પગ હાલ્યા અને પૂરેપૂરું ભાન આવ્યું ત્યારે મને કેટલી નિરાંત વળી હશે તે સહેલાઇથી કલ્પી શકાશે.

પરંતુ જે વરદાનની આકાંક્ષા હતી તે વરદાન ના મળ-વાથી મારું કાર્ય હજુ અધૂરું જ રહ્યું. સાધનાના મારા નક્કી કરેલા આદર્શ પર પહોંચવા માટે મારું અંતર અધીરું હતું. એના વિના મને નિરાંત વળે તેમ ન હોતી. એથી મેં મારું કામ અનશાનની સમાપ્તિ પછી પણ ચાલુ જ રાખ્યું.



અલબત્ત માના સાક્ષાત્ દર્શનના અદ્‌ભુત અનુભવથી મને ખૂબ શાંતિ મળી, આનંદ થયો, ને મારો વિશ્વાસ વધી ગયો.

શાંતાશ્રમમાં થોડા દિવસો પસાર કરીને ડીસેમ્બરની આઠ-મી તારીખે મેં આશા, ઉત્સાહ, શ્રદ્ધાને મૌનવ્રત સાથે દેવપ્રયાગ છોડયું. શાંતાશ્રમને પ્રણામ કર્યા. મારી મીટ હજી નવમી તારીખ પર મંડાઇ હતી.

(ક્રમશઃ)

પરિશ્રમ વગર એટલે કે તપ વગર કશું જ પ્રાપ્ત થતું નથી તો પછી આત્મશોધ કેમ થઈ શકે?

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# સાધક સમસ્યા

દારા જ. ભેસાણીઆ

હિંદુ સંસ્કૃતિમાં ઈશ્વરની પ્રાપ્તિ માટેના ઘણા માર્ગો પ્રચલિત છે. તેમાંનો એક માર્ગ તે ભક્તિ-યોગ અને ભક્તિ-યોગનું એક અંગ તે ભજન. ભજન એટલે ભવનિધિ પાર ઉતારનારી નૌકા,. વેદો ઉપનિષદો, પુરાણો ઇત્યાદિ શાસ્ત્રો સમજવા સર્વસુલભ નથી. આથી પરમ કૃપાલુ સંતો તેમાંનું નવનીત તારવી લઇ ભજનો સ્વરૂપે સરળ ભાષામાં રજૂ કરે છે, ફલતઃ સર્વે તેનો રસાસ્વાદ માણી શકે છે. એ ભજન ઉત્તમ છે કે જેમાં શબ્દોના શૃંગારને બદલે ભાવની ભાગીરથી વહેતી હોય. આ ભાગીરથીના સ્નાનને અને પાને વાસનાયુક્ત મન નિર્મળ બને છે.

યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી ઉચ્ચ કક્ષાના યોગી અને ભક્ત હતા. તેઓશ્રીએ કૃષ્ણભક્તિના તથા જ્ઞાનના લગભગ પોણીબસો પદો રચ્યાં છે. તેઓશ્રી રચિત એક ભજનનો અહીં રસાસ્વાદ માણીએ.

### મને લાજ આવે

(જોઇ જોઇ અજબની ઝૂંપલડી......એ ઢાળ)

ગુરુ સામે જુએ ને મને લાજ આવે,  
મારાં નયનો નીચાં નમી જાય,  
ગુરુનો મને ડર લાગે......ગુરુ.

રાતે સૂતાં વાગે બાર, એથી ઊઠતાં લાગે વાર,  
બૂમો પાડે ઘરની નાર ત્યારે ઊઠે મનમાં ઝાળ,



અંગે અંગમાં આળસ ઊભરાય,  
નિયમો મારું નાક વાઢે.......ગુરુ.

કરમાં ઝાલું જપમાલ ત્યાં તો ઘરમાં રોતું બાળ.  
એની માડી મારે માર, દેતાં મુખે મીઠી ગાળ,  
ચિત્ત ચોટે ના જપમાં જરાય  
ભજનનો ભાર લાગે.......ગુરુ.

ટકે ધ્યાન ના લગાર, આવે વિચારો અપાર,  
જોડે માયા સાથે તાર, મારું મનડું લબાડ,  
ગુરુ સેવા છે એનો ઉપાય,  
સમય ના હાથ લાગે.......ગુરુ.

મૂકી વાનીઓ રસદાર, પત્ની પીરસે ભોજન-થાળ,  
એની એક નંબરની દાળ, જોતાં છૂટે મુખમાં લાળ,  
એક ટાણામાં બમણું જમાય.  
ઉપવાસનો ત્રાસ ભારે...ગુરુ.

પત્ની રૂપાળી પ્રેમાળ તો યે નીરખું પરની નાર,  
હોય સ્વાર્થ જો લગાર જૂઠું બોલતાં શી વાર ?  
પ્રિય "કૃપાલુ"નો બોધ ના પળાય,  
કાળજડે તીર વાગે...ગુરુ.

ઉપરોક્ત ભજનમાં ગૃહસ્થી સાધકની મુશ્કેલીઓને શબ્દદેહે કંડારવામાં આવી છે. 'હરિનો મારગ છે શૂરાનો...' ઉક્તિની અનુભૂતિ દરેક ઇશ્વરાભિમુખ બનવા મથતા જીવને થાય છે. આ માર્ગ પર પા પા પગલી માંડતા સાધકને કેવા કેવા આંતર-બાહ્ય વિઘ્નો સતાવે છે તેનો પરિચય અહીં મળે છે.

"ગુરુ સામે જુએ ને મને લાજ આવે,
મારાં નયનો નીચાં નમી જાય,
ગુરુનો મને ડર લાગે...ગુરુ."

ઇશ્વરના માર્ગનો ભોમિયો છે ગુરુ. આ માર્ગ પર કેમ આગળ વધવું તે આ ભોમિયો બતાવે છે. પરંતુ સાધક જ્યારે આ માર્ગ પર ચાલી શકતો નથી ત્યારે તેનામાં હ્રીં (લજ્જા) ઉદ્ભવે છે અને ગુરુ સમક્ષ ઉપસ્થિત થતાં ડર અનુભવે છે.

"રાતે સૂતાં વાગે બાર, એથી ઊઠતાં લાગે વાર,
બૂમો પાડે ઘરની નાર, ત્યારે ઊઠે મનમાં ઝાળ,
અંગે અંગમાં આળસ ઊભરાય,
નિયમો મારું નાક વાઢે...ગુરુ"

પ્રાચીન કાલમાં વ્યક્તિનું જીવન સંયમી હતું. તેના આહાર-વિહાર સંયમી હતાં. તે વહેલો ઊઠતો અને વહેલો સૂતો. આધુનિક કાળમાં જીવનપદ્ધતિ બદલાઈ ગઈ છે. રાત્રે મોડે સુધી જાગરણ, ટોળ-ટપ્પા ઈત્યાદિ આજ-કાલ સામાન્ય થઈ પડ્યું છે. અહીં આપણે એ સમજી લેવાનું છે કે આપણા ભજનમાં સાધકને એક બાજુથી સમ્યક્ રીતે નિયમ પાલન નથી કરવું અને બીજી બાજુથી ઉચિત ફલની આશા છે. આ પશ્ચિમ દિશામાં ચાલીને પૂર્વમાં પહોંચવાની અપેક્ષા રાખવા બરાબર છે. સાધકનો ધર્મ વહેલા ઊઠીને જપ-તપ કરવાનો છે. પરંતુ જો મોડે સુધી જાગરણ થયું હોય તો તો સ્વાભાવિક રીતે વહેલાં ઊઠવું મુશ્કેલ બને છે. સવારની ઊંઘ મીઠી તો હોય છે, પરંતુ તે ખરજવાની ખંજવાળ જેવી હોય છે. ખરજવાની ખજવાળમાં આનંદ હોય છે પરંતુ તે હાનિકર છે. આ મીઠી નિદ્રામાંથી કોઈ ઊઠાડે છે ત્યારે



તે રિપુ સમાન પ્રતીત થાય છે. અંગ તો આળસથી ભરપૂર છે, તથાપિ નિયમ હોવાથી કમને ઊઠવું પડે છે.

કરમાં ઝાલુ જપમાળ ત્યાં તો ઘરમાં રોતુ બાળ,
એની માડી મારે માર, દેતાં મુખે મીઠી ગાળ,
ચિત્ત ચોંટે ના જપમાં જરાય,
ભજનનો ભાર લાગે...ગુરુ."

સાધક પ્રાતઃકર્મથી પરવારી ઘરમાંના નાના સરખા મંદિર પાસે આવી બેસે છે. રોજની માફક યંત્રવત્ ધૂપ-ચંદન-દીપ કરે છે. અસ્થિર મન સ્થિર બનાવવા માળા લઈ-ને મંત્રજાપ ચાલુ કરે છે. મન એકાગ્ર બનાવવા પ્રયત્ન કરે છે. ત્યાં તો બાળકના રડવાનો તથા તેની માનો ધમકાવવા-નો અવાજ આવવા માંડે છે. મનની આંતરિક અસ્થિરતામાં આ બાહ્ય વિઘ્ન વધારો કરે છે. હવે ચિત્તને જપમાં ચોંટાડવું મુશ્કેલ બને છે. આથી તે જપ પડતા મૂકી ભજન ગાવાનું વિચારે છે. કારણકે ભજનમાં પોતાના અવાજમાં સામાનો અવાજ દબાઈ જાય છે. પરંતુ તે વિધિ પણ અંતે ભારરૂપ સાબિત થાય છે.

"ટકે ધ્યાન ના લગાર, આવે વિચારો અપાર,
જોડે માયા સાથે તાર, મારું મનડું લબાડ,
ગુરુ સેવા છે એનો ઉપાય,
સમય ના હાથ લાગે...ગુરુ."

હવે ચિત્તવૃત્તિના નિરોધ માટે અંતિમ ઉપાય તરીકે સાધક ધ્યાન કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જ્યાં સ્થૂલ શરીર વશમાં નથી ત્યાં સૂક્ષ્મ મન શી રીતે વશ થવાનું ? ઇન્દ્રિય નિગ્રહ કર્યો નથી ને મનોનિગ્રહના પ્રત્યે શું વળે ? નાડી-

શુદ્ધિ વિના ચિત્તશુદ્ધિ શે સંભવે ? ધ્યાનમાં મનને એક વિચાર કે એક વસ્તુ પર સ્થિર કરવાનું હોય છે. પરંતુ ધ્યાન દરમ્યાન શરૂઆતમાં દરેક સાધક અનુભવે છે કે સામાન્યાવસ્થા કરતાં ધ્યાનમાં વિચારો વધુ આવે છે. તેનું કારણ આ છે કે સાધકે ધ્યાન માટેની પૂર્વ શરતોનું પાલન કરેલું હોતું નથી. જ્યાં સુધી મનને માયાનો સંગાથ છે ત્યાં સુધી કોઇ પારલૌકિક તત્ત્વ મનમાં પ્રતિસ્થિતિ થઇ શકે નહીં. ગીતાજીમાં સ્વયં ભગવાન કહે છેઃ–

ઢંકાયો યોગમાયાથી ના હું પ્રત્યક્ષ સર્વને,
આ મૂઢ લોક જાણે ના અજન્મા અવ્યયી મને.
ગીતાગુંજન અ. ૭ શ્લો. ૨૫

આ માયાને ટાળવાનો ઉપાય છે ગુરુ સેવા. ગુરુ સેવાથી તન–મન નિર્મળ બને છે.

" મૂકી વાનીઓ રસદાર, પત્ની પીરસે ભોજન થાળ,
એની એક નંબરની દાળ, જોતાં છૂટે મુખમાં લાળ,
એક ટાણામાં બમણું જમાય,
ઉપવાસનો ત્રાસ ભારે.. ગુરુ"

સાધનામાં પ્રગતિ અર્થે આપણા ઋષિ-મુનિઓએ યમ–નિયમો ચીંધ્યા છે. આ નિયમોમાંનો એક નિયમ છે મિતાહાર. આહારથી તન–મનનું ઘડતર થાય છે. પરંતુ તે વધુ પ્રમાણમાં લેવાય તો તન-મનમાં વિકૃતિ પેદા થાય છે, પરિણામે આધ્યાત્મિક પ્રગતિ અટકી પડે છે. વિવિધ રસદાર વાનગીઓથી ભરેલો થાળ સામે આવતાં સાધકનો સંયમ છૂટી જાય છે. અને એક ટાણામાં બમણું આરોગી જવાય છે. ભોજન પૂર્ણ થયા પછી એવું થાય છે કે ઘણું ખવાઇ ગયું. આ માટે મનમાં ખેદ થાય છે અને બીજી વાર આવું



ન બને તે માટે મન નિશ્ચયશીલ બને છે. પરંતુ...'મુલ્લાની દોડ મસ્જિદ સુધી' બીજે દિવસે ફરી એ જ સ્થિતિ સર્જાય છે.

"પત્ની રૂપાળી તો યે નીરખું પરની નાર,
હોય સ્વાર્થ જો લગાર, જુઠું બોલતાં શી વાર
પ્રિય "કૃપાલો" નો બોધ ના પળાય,
કાળજડે તીર વાગે...ગુરુ."

યમ–નિયમોમાં મિતાહારનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ બ્રહ્મચર્યનું પણ છે. મહર્ષિ પતંજલિએ પણ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને સાધનાના પાયા રૂપે યમમાં સ્થાન આપ્યું છે. હિંદુ વ્રતોમાં એક પત્ની વ્રતનું પણ વિશિષ્ટ સ્થાન છે. પરંતુ સાધકના મનમાં રહેલો વાસનાનો પ્રાકૃતિક કીડો ક્યારેક સળવળી ઊઠે છે. સાધક સત્ય પાલનનો નિયમ લે છે પરંતુ વ્યવહારમાં જુઠું બોલતાં લાભ જણાય કે સત્ય બોલતાં નુકસાની સંભવતી હોય તો જૂઠું બોલતાં તે અચકાતો નથી. જો કે પ્રિય કૃપાલુ ગુરુદેવનો બોધ આ રીતે સાધકથી નથી પળાતો ત્યારે તેના હૈયે પીડા થાય છે. સાધક નિયમ પાલન ઉચિત રીતે નથી કરી શકતો. કારણ કે તે સામાન્ય છે. તે પ્રકૃતિના પાશથી બંધાયેલો છે અને તેના પ્રયત્નો પ્રબળ નથી. તથાપિ જો તે ગુરુ કૃપાલુનું શરણું સ્વીકારી ઉદ્યમ કરે તો અવશ્ય તેની નાવ સામે પાર પહોંચે.

આત્મિક વિકાસ માટે આવશ્યક

## આત્મપરીક્ષણ

—યોગેશ્વર

આત્મપરીક્ષણ એક ખૂબ જ જરૂરી ગુણ છે. આત્મપરીક્ષણ એક એવી વસ્તુ છે જે માણસને હંમેશ જાગ્રત રાખે છે. તેથી તેને સમય જતાં શુદ્ધ કંચન જેવો કરી દે છે. જે માણસ પોતાને માટે જાગ્રત છે તેને હંમેશાં પોતાના વિકાસનો ખ્યાલ રહે છે. પોતાની નબળાઈઓ તે ભૂલતો નથી ને એક વિવેચકની જેમ બરાબર તપાસે છે.

ખરી રીતે તો એવું પણ છે કે માણસે પોતાને માટે જાગ્રત રહેવાની સાથે સાથે ઈશ્વરના પરમ પ્રેમમાં વધારે ને વધારે ડૂબવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેમકે પૂર્ણ સંશુદ્ધિ કેવલ પ્રયાસની વસ્તુ નથી. માત્ર વિવેચકની દૃષ્ટિથી જ નહિ પરંતુ ઈશ્વરની દયાથી જ માણસ પૂર્ણાંશે પવિત્ર ને પરમ બની શકે છે.

ઈશ્વરી પ્રેમની વાત જ જુદી છે. તે વધતાંની સાથે જ દૂષણો દૂર થતાં જાય છે. જેમ સૂરજ પ્રકટે તો અંધકાર આપોઆપ નષ્ટ થાય તેમ. જો પરમ વિકાસ સાધવો હોય તો પવિત્રતાની જરૂર પહેલી છે. ખાસ કરીને માન-અપમાનમાં સમતા, નિરભિમાન, દયા, કામનો અભાવ ને ઇશ્વર પ્રત્યેની સમર્પણની ભાવના, કેળવવાની જરૂર છે. આવી પવિત્રતામાંથી વિશુદ્ધ પ્રેમ પ્રકટી નીકળે છે ને માણસને હંમેશને માટે મસ્ત તેમ જ ધન્ય કરી દે છે.

("હિમાલયનાં પત્રો"માંથી)

—※—



## પરદેશના આજીવન સભ્યો

ભારતમાં તો અધ્યાત્મના આજીવન સભ્યો નોંધાતા રહે છે, તે જ પ્રમાણે પ.પૂ.મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી પરદેશોમાં નવા આજીવન સભ્યો નોંધાતા રહે છે. નવા નોંધાયેલ સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ-

FLM-૮૬- શ્રી ભુલાભાઈ વલ્લભભાઈ, પનામા. રૂા.૧૫૦૧
FLM-૮૭-શ્રી ધનજીભાઈ સી. સુતરિયા,
ન્યુજર્સી અમેરિકા. રૂા.૧૫૦૧

## નોંધાયેલા આજીવન સભ્યો

'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની કૃપાથી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી વાંચકો આજીવન સભ્ય બનતા રહે છે. તેઓ સહુ અભિનંદનના અધિકારી છે. સભ્યોની યાદી આ પ્રમાણે છેઃ-

૭૪૬ શ્રીસરોજબેન પ્રભુભાઈ ભક્ત, ઓરણા. રૂા.૨૫૧.
૭૪૭ ,, હેમંતભાઈ રમણલાલ પંચાલ, અમદાવાદ. રૂા.૨૫૧.
૭૪૮ ,, બલવંતસિંહ મોહનસિંહ વાઘેલા, વડોદરા. રૂા.૨૫૧.
૭૪૯ ,, રાધામોહનદાસજી, વૃંદાવન. રૂા.૨૫૧.
૭૫૦ ,, મનસુખલાલ બી. બરાસરા, નવસારી. રૂા.૨૫૧.
૭૫૧ ,, નરભેરામ દામજીભાઈ પટેલ, નવસારી. રૂા.૨૫૧.
૭૫૨ ,, છગનભાઈ આંબાભાઈ પટેલ, નવસારી. રૂા.૨૫૧.
૭૫૩ ,, પ્રવિણાબેન કે. વૈષ્ણવ, સુરત. રૂા.૨૫૧.
૭૫૪ ,, રાજેન્દ્ર વાસુદેવ અધ્વર્યુ, સુરત. રૂા.૨૫૧.

૭૫૫ ,, રણછોડભાઇ નાગરભાઇ પટેલ, શામપુરા. રૂ.૨૫૧.
૭૫૬ ,, ગુજરાતી સેવા સમાજ પુસ્તકાલય, આદીપુર રૂ.૨૫૧.
૭૫૭ ,, નગરપંચાયત પુસ્તકાલય, તળાજા. રૂ.૨૫૧.
૭૫૮ ,, પરશોત્તમદાસ હરગોવિંદદાસ પરીખ, કઠલાલ. રૂ.૨૫૧.
૭૫૯ ,, દિલીપભાઇ ધીરજલાલ, કઠલાલ. રૂ.૨૫૧.
૭૬૦ ,, ધીરૂભાઇ નારણજી દેસાઇ, મલાડ. રૂ.૨૫૧.
૭૬૧ ,, મહંત શ્રી શિવગિરિજી મહંત શ્રી માધવગિરિજી, ગોપ, રૂ.૨૫૧.
૭૬૨ ,, મંગલમ્ સિરેમીક ઈન્ડસ્ટ્રીઝ, મોરબી. રૂ.૨૫૧.
૭૬૩ ,, ક્રિષ્ણા સિરેમીક ઈન્ડસ્ટ્રીઝ, મોરબી. રૂ.૨૫૧.
૭૬૪ ,, રાઘવજી આંબાભાઇ પટેલ, મોરબી. રૂ.૨૫૧.
૭૬૫ ,, ગણેશ ટાઈલ્સ વર્કર્સ, મોરબી. રૂ.૨૫૧.
૭૬૬ ,, ગણેશભાઇ હરખજીભાઈ પટેલ, મોરબી. રૂ.૨૫૧.
૭૬૭ ,, અંબારામભાઈ ગંગારામભાઈ પટેલ, મોરબી. રૂ.૨૫૧.
૭૬૮ ,, જગદીશ ટાઇલ્સ કું. ભડિયાદ. રૂ.૨૫૧.
૭૬૯ ,, હંસરાજભાઈ પટેલ, મોરબી. રૂ.૨૫૧.
૭૭૦ ,, રાઘવજીભાઇ એસ. પટેલ, મોરબી. રૂ.૨૫૧.
૭૭૧ ,, મણીભાઈ બી. કાવટ, મોરબી. રૂ.૨૫૧.
૭૭૨ ,, ધનજીભાઈ છગનભાઈ પટેલ, ઘુંટુ રૂ.૨૫૧.
૭૭૩ ,, જીવરાજભાઈ શિવાભાઈ પટેલ, સરા. રૂ.૨૫૧.
૭૭૪ ,, ડાહ્યાભાઈ એચ. પટેલ, મોરબી. રૂ.૨૫૧.
૭૭૫ ,, કોમનવેલ્થ ઈન્ડસ્ટ્રીઝ, ભડિયાદ. રૂ.૨૫૧.
૭૭૬ ,, કાયાવરોહણ તીર્થ સેવા, કાયાવરોહણ રૂ.૨૫૧.
૭૭૭ ,, રજનીભાઈ રણછોડભાઈ ઠક્કર, સરોડા. રૂ.૨૫૧.
૭૭૮ ,, ગુજરાત ભવન, માયાપુરી, હરિદ્વાર. રૂ.૨૫૧.
૭૭૯ ,, મનોજભાઈ બચુભાઇ ભક્ત, કપુરા. રૂ.૨૫૧.



૭૮૦ ,, કરસનભાઇ નાથાભાઈ પટેલ, નરસિંહપરા. રૂ.૨૫૧.
૭૮૧ ,, આર. ડી. અગ્રવાલ, સુરત. રૂ.૨૫૧.
૭૮૨ ,, દેવચંદભાઈ વી. પટેલ, પાલનપુર. રૂ.૨૫૧.
૭૮૩ ,, વિમળાબેન એ. ઉપાધ્યાય ભાવનગર. રૂ.૨૫૧.
૭૮૪ ,, મહેશચંદ્ર રતિલાલ ભાવસાર. ભાવનગર. રૂ.૨૫૧
૭૮૫ ,, રાજેશ દયાળભાઈ પુજારા, ગાંધીનગર. રૂ.૨૫૧.
૭૮૬ ,, ગ્રંથપાલ શ્રી, ભાવનગર યુનિર્વસિટી. મધ્યસ્થ ગ્રંથાલય. ભાવનગર. રૂ.૨૫૧.
૭૮૭ ,, ગ્રંથપાલ શ્રી, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઈડર. રૂ.૨૫૧.

નોંધઃ–સ્થળ સંકોચને લીધે બાકી રહેતાં નામ આવતા અંકમાં ક્રમશઃ આપીશું. —તંત્રી.

શાંત પળો એ જિંદગીનું પારિતોષક છે.

*

શંકા એ શ્રદ્ધાની વિરોધી નથી—શ્રદ્ધાનો જ એક અંશ છે.

*

શાંતિ એક નાજુક પુષ્પ સમી છે : વણસ્પર્શી તે અદ્ભુત હોય છે, પણ વાયરો જરીક પલટાય ને એ ભાંગી પડે છે.

*

સમસ્ત વિશ્વે શાંતિ હજો અને તેનો આરંભ મુજથી થજો.

# પ્રેરણાની પરબ

વકતાઃ–મહાત્મા યોગેશ્વરજી
રજૂઆત ને સંકલન : નિલુ દવે

સરિતાનું મૂળ કે ઉદ્દગમ સ્થાન ક્યાં છે ?

સૂર્યના કિરણોનું ઉદ્દગમ સ્થાન ક્યાં છે ?

અગ્નિમાંથી અંગારા નીકળે છે. સૂર્યના કિરણો સૂર્યમાંથી નીકળે છે. એવી જ રીતે સમસ્ત જગતનું ઉદ્દભવ સ્થાન ઈશ્વર છે.

ઇશ્વર વ્યક્તિ નથી, પરમ શક્તિ છે. જે માણસો ઇશ્વરને માનતા નથી તેમને એમ છે કે ઇશ્વર વ્યક્તિ ન હોઈ શકે. ઈશ્વર પરમ શક્તિ છે. ચેતન શક્તિ છે, પરંતુ જેમ શક્તિ હોય એની અભિવ્યક્તિ થાય છે. કોઇપણ વસ્તુ હોય એની અભિવ્યક્તિ થાય છે. અભિવ્યક્તિ અવતારના સ્વરૂપમાં પ્રગટ થાય છે. પરમાત્મા સ્વરૂપ. જેમ વિદ્યુત શક્તિ છે, એને રંગ નથી, એને આકાર નથી, ગોળો લાલ હોય તો લાલ દેખાય છે. વ્યવહારિક સગવડતા માટે આપણે વિદ્યુત્ (Electricity) નામ આપ્યું છે. ઈશ્વર પણ કૃષ્ણરૂપે, રામકૃષ્ણ રૂપે, જગદંબા રૂપે અભિવ્યક્ત થઈ દર્શન આપે છે.

એક દિવસ રામકૃષ્ણે માના દર્શન માટે જગંદબાના મંદિરમાં તલવાર લીધી. મસ્તકને શરીરથી અલગ કરવાના પ્રયત્નો શરૂ કર્યા. ત્યાંજ જગદંબાના અદ્દભુત દર્શન થયાં. શક્તિ પ્રાકટ્ય પામી. તમે કોઇ દિવસ ખોટો ખોટો પ્રયત્ન તો કરી જો જો...!...જોતાં જ કંપારી છૂટશે....! પછી થશે લે ત્યારે તને જવા દઉં છું.!...મૂર્તિમાંથી સાક્ષાત્ જગદંબા પ્રગટ થયા.



દર્શન આપ્યાં. મા જગદંબાએ તલવાર લઈ લીધી. મા બોલ્યાં "આટલું બધું ગાંડપણ"! રામકૃષ્ણદેવે વારંવાર આવાં અનુપમ દર્શનો મળતાં રહે તેવી પ્રબળ ઇચ્છા જગદંબા આગળ વ્યક્ત કરી. ત્યાર પછી મા જગદંબા વારંવાર રામકૃષ્ણદેવને દર્શન આપતાં રહ્યાં. પ્રબળ પ્રેમથી અભિવ્યક્તિ થાય, અભિવ્યક્તિની ઇચ્છા કરનારી વ્યક્તિને પ્રબળ ઇચ્છા થાય ત્યારે શક્તિનાં દર્શન થાય.

સૂરદાસ કહે છે "અંખિયાં હરિ દર્શન કી પ્યાસી" પ્રભુ, તમારા દર્શન નહિ થાય તો મારે જીવવું નથી માટે તમારા દર્શનજલ્દી કરાવો". આજકાલ સાધારણ માણસ, મા બાપ લગ્નની ના પાડે તો એ નાની વાતમાં આપઘાત કરે છે!...પાટા પર સૂઈ જાય !...આપઘાત તો કરે પણ સાથે ચબરખી લખીને સૂઈ જાય !...અમે જનમો જનમના સાથી !...ગાડી આવે ફરરરર ફટ ફૂરચા. સૂરસાગર જાય ને પડે !...રાજાબાઈ ટાવર પર જાય !...એ પડ્યા !...કાંકરિયા જાય ત્યાં ધૂબાકો મારે !...ગળે ફાંસી ખાય !...કૂવામાં પડતુ મૂકે !...કેરોસીન છાંટીને ભડકે બળે !...નાની શી વાતમાં સાધારણ માણસ આટલું બધું કરી નાખે છે !...બસ, નાની શી વાતમાં !....પરણવાની ના પાડી એટલે લાગી આવ્યું !... ભગવાનને માટે આવું કરોને! થોડી પ્રતિક્ષા કરશો તો મા બાપ પણ કહેશે "હવે પરણો." પણ પ્રતિક્ષા કોઇને કરવી નથી.

સૂરદાસ મનથી બોલ્યા "પ્રભુ તમે જેવા છો તેવા દર્શન આપો. પ્રભુ મારે તમને પામવા છે. ભેટવા છે. પ્રગટ મળે સુખ થાય. તમને ભગવાન માટે આવું થાય છે ? ભક્તોને ભગવાન માટે આવી જ લાગણી થાય છે. યુવાનીનાં ફૂલ આવી

ને જતાં પણ રહેશે. યુવાની છે તો ભગવાનમાં કામ લાગે. તાજુ ફૂલ હોય તો નાકે પણ લગાડાય. ચીમડાયેલાને કોઈ અડે પણ નહિ. સ્વસ્થ હૃદય અને મન પ્રભુના કામમાં લગાડો. સૂરદાસના વખતમાં ટ્રેન હતી નહિ. નહિ તો સૂરદાસ પણ ટ્રેનના પાટા પર સૂઈ જાત....! સૂરદાસે કાશીને યાદ કર્યા. જો તમને ભક્તિની પ્યાસ ન લાગે તો ભક્તિનું પરિણામ સફળ ન થાય. પ્યાસ લાગે તો ભક્તિની પરબ છે. પ્રભુ તમારી પ્યાસ બુઝાવશે. રામકૃષ્ણદેવ, તુલસીદાસ જેવી ભક્તિની પ્યાસ લાગે તો એ પ્યાસ અભિવ્યક્તિમાં બદલાઇ જાય છે. જ્યાં તમે મરવાના પ્રયત્નો કરો ત્યાં જ પ્રભુ તમારા હાથ પકડી લે ! પ્રત્યક્ષ દર્શનથી શાંતિ મળે. પ્રેરણા મળે. ઇશ્વરના અસ્તિત્વનોજ વિશ્વાસ ન હોય ત્યાં સુધી ભક્તિ કેવી રીતે સંભવી શકે ?

સહુથી મહાન ઇરાદા કરતાં સહુથી નાનું શુભકાર્ય વધુ સારું છે.

પ્રારંભમાં જ સફળ નીવડો તો પછી ખુબ ખુબ પ્રયત્ન કરજો—બીજાઓ માટે અસહ્ય ન બનવાનો.

સફળતા એટલે કોઇ દિવસ થાક ન લાગે તે.

તમને જેને માટે સન્માન હોય તેમના તમારા માટેના માનનું મૂલ્ય ટોળાની તાળીઓ કરતાં વધારે છે.



# દુર્ગાસપ્તશદીનો સંદેશ

યોગેશ્વરજી

(આ લેખ પાના ૬ ના અનુસંધાને છે.)

દુર્ગા સપ્તશદીની કથા આપણા ખોવાયેલા આત્મિક રાજ્યને પ્રાપ્ત કરવાના પુરુષાર્થની પ્રેરણા પૂરી પાડે છે. એ ઉપરાંત આપણી અંદર અને બહાર રહેલી આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિનો પ્રતિકાર કરવાનો સંદેશ આપે છે. એ પ્રરણા અને સંદેશને જીવનમાં ઝીલીએ તો કથાનું વાંચન, મનન તથા શ્રવણ સફળ થાય. જગદંબાએ પોતાના અપ્રતિમ પરાક્રમથી મધુ તથા કૈટભ, મહિષાસુર, ધ્રુમલોચન, રક્તબીજ, ચંડ-મુંડ, શુંભનિશુંભ અને અન્ય અનેક અસુરોનો અંત આણ્યો, પરંતુ માનવજીવનમાં ને સમાજમાં અનેકવિધ આસુરી વૃત્તિ, બુધ્ધિ તથા પ્રવૃત્તિ છે અથવા અનીતિ, અધર્મ, અનાચાર, સ્વાર્થવૃત્તિ, છળકપટ, તથા શોષણ છે, ત્યાં સુધી અસુરોનો સદાને સારૂ અંત આવ્યો છે, એવું નહિ કહી શકાય.

માનવ મધ જેવાં મીઠાં અથવા કડવાં વચન બોલીને બીજાની શાંતિને હણવાની પ્રવૃત્તિ આદરે છે, ત્યારે મધુકૈટભ જેવો હાનિકારક થાય છે. મહિષની પેઠે વિષયસુખોમાં ડૂબે છે કે મદોન્મત્ત બને છે ને દૃષ્ટિને બગાડે છે તથા શોષણખોર થાય છે, ત્યારે મહિષાસુરની સ્મૃતિ કરાવે છે. જેની આંખ અને જેનું અંતર કામક્રોધ, મદ તથા માયાના ધુમાડાથી ઢંકાયેલું છે, તેને ધુમ્રલોચન કહેવામાં હરકત નથી. જે બીજાનું પડાવી લઈને, શોષણ કરીને, બીજાને ચૂસીને મોટો થયો છે ને દર્શન, સ્પર્શન તથા વર્તનથી આતંક ફેલાવે છે

અથવા આસુરી વૃત્તિનો વિસ્તાર કરે છે તે રક્તબીજ. જેને કુકર્મ કરતાં લજ્જા નથી અને જે કઠોરતાની મૂર્તિ છે તે ચંડમુંડ. સત્તા, પદ, પ્રતિષ્ઠા પ્રજ્ઞા, યૌવન, સૌંદર્ય, શક્તિ ધનવૈભવથી છકી ગયેલા, વિપથગામી થયેલા અને ઇશ્વર-વિમુખ બનેલા માનવને શુંભનિશુંભ જેવા કહી શકાય અને એવી બીજી આસુરી વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા નાનામોટા અંદરના અને બહારના અસુરો બીજા અનેક છે. એમની સેના ખૂબજ શક્તિશાળી છે.

એ અસુરોને ઓળખ્યા ? એ આજે પણ જીવે છે. અને અવનીમાં આતંક મચાવે છે-એમણે માનવની મૂળભૂત દિવ્યતાને દબાવી દીધી છે, માનવના સ્વર્ગનો નાશ કર્યો છે અને આત્મારૂપી ઇન્દ્રને પદભ્રષ્ટ કરી નાંખ્યો છે. એમણે અવનીમાં આતંક મચાવ્યો છે.

એ અસુરોનો નાશ કેવી રીતે થાય ? દુર્ગાસપ્તશતી એમના નાશનો મંગલમય માર્ગ બતાવે છે. પોતાની અંદર અથવા બહાર આસુરી વૃત્તિ, શક્તિ કે પ્રવૃત્તિને પેખીને માનવ નાહિંમત ના બને, નિરાશ ના થાય, અને નિષ્કર્મણ્ય ના બની જાય એ અત્યન્ત આવશ્યક છે. એની સાથે સાથે એ પોતાની સઘળી દિવ્ય શક્તિઓનો સંચય કરે એ પણ એટલું જ આવશ્યક છે. આસુરી વૃત્તિ સામેના સંગ્રામમાં દૈવી શક્તિઓએ સંગઠિત થવું પડશે. વિજય પોતાનો જ થશે એવો આત્મવિશ્વાસ જગાવવો રહેશે. એવા વિજય માટે પરમાત્માની પરાત્પરા સર્વેશ્વરી શક્તિનું, જગદંબાનું સર્વભાવે શરણ લેવું પડશે. એના શરણથી સાંપડનારી સહાયતાથી એ કાર્ય સહેલું બનશે.

## પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને ભેટ

અંબાજી ખાતે બંધાતા જ્યોતિર્મયી વિશ્રામગૃહને છેલ્લે મળેલી ભેટ નીચે પ્રમાણે છેઃ-

૧૧૧૧ શ્રી શાંતિલાલ જગન્નાથ પંડ્યા, વડોદરા.
૩૨૫ ,, ભૂપેન્દ્રસિંહ બળવંતસિંહ સુતરીયા, ભરૂચ.
૫૧ ,, વિમળાબેન મોહનલાલ જાની.
૨૧ ,, અરૂણાબેન ઠક્કર, અમદાવાદ.
૧૦૧ ,, બી. એચ. વ્યાસ.
૧૦૧ ,, સુશીલાબેન કિશોરસિંહ ઠાકોર.

## સદ્ભાવભરી ભેટ

વાંચકો અધ્યાત્મને યાદ કરીને ભેટ મોકલતા રહે છે. એ માટે અમે ગ્રાહકો/વાંચકોના ખરેખર આભારી છીએ.

૨૫-૦૦ કૈલાસબેન વી. જોષી, વડોદરા.
૫૧-૦૦ પાલનપુરના એક સાધક તરફથી.
૨૧-૨૫ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઈ, સુરત.
૧૫-૦૦ ,, ભાનુબેન પ્રમોદરાય દવે, ભાવનગર.
૩૭૫-૦૦ ચિ. પુનિતના જન્મદિન નિમિત્તે.
શ્રી ભગવાનભાઈ સીતારામભાઈ, અમેરિકા.
૨૦-૦૦ શ્રી ભૂપેન્દ્ર બી સુરતીયા, ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં ઇજાફો છૂટતાં.

ADHYATM Regd.No. GBV 113

સત્ય જ્ઞાનના પ્રકાશ માટે આવશ્યક છે.

## સંસારની નશ્વરતાની દઢતા ને ઇંદ્રિયસુખોનો ત્યાગ

મહારાજા યુધિષ્ઠિરે એક પ્રસંગે કહ્યું હતુ કે, "સૌથી વધારે આશ્ચર્યકારક વાત એ છે કે માણસો પોતાની આજુબાજુનાં માણસોને પળે પળે મરતા જુએ છે તો પણ દરેક જણ એમજ સમજીને વર્તે છે કે હું કદી મરવાનો નથી. તેને એમ જ લાગે છે કે મારી આસપાસ બધાયે મૂર્ખ છે, માત્ર હું એકલોજ અપવાદરૂપ છું, હું એકલોજ જ્ઞાની છું. ચારે બાજુએ બધી વસ્તુઓની અસ્થિરતા અને નાશવંતપણું જોયા છતાં આપણે એવું માન્યા કરીએ છીએ. આપણે આપણા પ્રેમને શુદ્ધ માનીએ છીએ, પણ તે કેવી રીતે સંભવે ? પ્રેમ હંમેશાં સ્વાર્થની સાથે નિશ્ચિત થયેલો હોય છે. યોગીઓ તો કહે છે કે પતિપત્નીનો પ્રેમ, મા-બાપ અને સંતાનનો પ્રેમ અને મિત્રામિત્રોનો પ્રેમ પણ પોતપોતાના સુખને અર્થે તથા છેવટે નાશ પામવાવાળો છે. આ સંસારમાં દરેક વસ્તુ વહેલી મોડી નાશ પામ્યા વિના રહેતી નથી. આ પ્રમાણે જ્યારે દરેક વસ્તુને અને પ્રેમને પણ નાશ પામતો મનુષ્ય જાતે અનુભવે છે, ત્યારે વિજળીના ઝબકારાની પેઠે તેને એકાએક સમજાઇ જાય છે કે જગત કેવળ ભ્રમ જ છે. માત્ર સ્વપ્ન જેવું છે. પ્રાપ્ત થાય છે એને સ્થૂલ જગતની પેલે પાર રહેલી દૈવી સત્તાનો તેને કાંઇક વિચાર આવે છે. જ્યાં સુધી આ જગતના જ વિચારો અને સુખોમાં આસક્તિ છે, ત્યાં સુધી સત્ય જ્ઞાન હૃદયમાં પેસી શકતું નથી.

—**સ્વામી વિવેકાનંદ**

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડ બજાર, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧